Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ ફાગણ-ચૈત્ર

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## શ્રી મહાવીર જન્મ કલ્યાણક વિશેષાંક

अहिंसा सच्चं च अतेणगं च,
तत्तो य बम्भं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाणि,
चरिज्ज धम्मं जिणदेसियं विदू ॥
[ ઉત્તરા૦, અ૦ ૨૧, ગા૦ ૧૨ ]

પંડિત મનુષ્યે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-એ પાંચ મહાવ્રતોને સ્વીકારીને, શ્રી જિન ભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે, તે ધર્મનું આચરણ કરવું.

## સમ્યગ્દર્શન

તત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્વ છે. આ નવ તત્વરૂપ અનેક વર્ણની માળામાં એક આત્મતત્વરૂપ સુવર્ણસૂત્ર-સોનાનો દોરો પરોવાયેલ છે. ચિરકાળથી છુપાઇને રહેલો છે. તેને ખોળી કાઢી સમ્યગ્દૃષ્ટિ પુરૂષ શુદ્ધ આત્મતત્વનું દર્શન કરે છે. 'યોગદષ્ટિ સમુચ્ચય'

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક ૭૪ : ] માર્ચ-એપ્રીલ : ૧૯૭૭ [ અંક : ૫-૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| હે નાથ ! તારા મંદિરમાં આવ્યો છું (કાવ્ય) | રવિન્દ્રનાથ ટાગોર | ૧૩૫ |
| ભગવાન મહાવીરની નીષ્કામ કરુણા | શ્રી અમરચંદ માવજી | ૧૩૬ |
| જૈન (કાવ્ય) | શ્રી અમરચંદ માવજી | ૧૩૭ |
| ભગવાન મહાવીર | સ્વ. શ્રી મનસુખલાલ ટી. મહેતા | ૧૩૮ |
| પ્રભુ મહાવીરના નિર્વાણ સમયના પ્રાચીન તીર્થો | શ્રી જયંતિલાલ એમ. શાહ | ૧૪૫ |
| ત્રિવેણી | શ્રી કુમારપાળ દેસાઇ | ૧૪૭ |
| ધર્મલાભ | શ્રી મણીલાલ વનમાળીદાસ શેઠ | ૧૫૩ |
| તીર્થંકર પ્રરૂપીત ગૃહસ્થાશ્રમ ધર્મ | પૂર્ણાનંદવિજયજી મ૦ (કુમાર શ્રમણ) | ૧૫૮ |
| માનવી માનવી વચ્ચેના આ ભેદ શાને ? | ભાનુમતી દલાલ | ૧૬૩ |
| મહાવીર મેં દીઠા સપનાંમાં (કાવ્ય) | ડૉ. ભાઇલાલ બાવીશી | ૧૬૫ |
| આત્મપ્રિય શ્રી મનસુખભાઈને ભાવાંજલિ | શાહ ગુલાબચંદ લલ્લુભાઈ | ૧૬૭ |
| જગત વાત્સલ્ય પ્રભુ મહાવીર | કમલિની | ૧૬૮ |
| સમાચાર સંચય | | ૧૬૮ |


## નવા આજીવન સભ્ય

**શ્રીમતિ કોકીલાબેન વિનયચંદ પારેખ** — ભાવનગર
( સ્વ. મનસુખભાઈના સુપુત્રિ )

**શ્રીમતિ અરૂણાબેન જયસુખલાલ મહેતા** — મુંબઇ
( સ્વ. મનસુખભાઈના સુપુત્રિ )

**શ્રી ધરમચંદ હરગોવીંદ શાહ** — ભાવનગર

## સ્વર્ગવાસ નોંધ

ઘોઘા નિવાસી ( હાલ મુંબઇ ) શેઠ રાયચંદભાઈ લલ્લુભાઈ સં. ૨૦૩૩ના ફાગણ વદિ ૧૨ બુધવાર તા. ૧૬-૩-૭૭ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયા છે તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓશ્રી ખુબ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મિક લાગણીવાળા હતા, તેઓ આપણી સભાના પેટ્રન હતા. શાસનદેવ તેમના આત્માને ચિરસ્થાયી શાંતિ અર્પે એવી પ્રાર્થના.

---

હાથીજવાળા ( હાલ ભાવનગર ) શાહ ગીરધરલાલ લાલચંદ સં. ૨૦૩૩ ફાગણ સુદી ૫ ને બુધવાર તા ૨૩-૨-૭૭ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે તે જાણી અમોને ઘણું જ દુઃખ થયેલ છે. તેઓશ્રી સરલ સ્વભાવના અને ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી દાદાસાહેબ જિનાલય—ભાવનગર

## મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાન




મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમ પ્રભુઃ ।
મંગલં સ્થૂલભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ॥

(ફોટો. માયા સ્ટોર, પ્રકાશ જે. કાપડીયાના સૌજન્યથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ ફાગણ–ચૈત્ર : ૧૯૭૭ માર્ચ | અંક : ૫–૬

# હે નાથ તારા મંદિરમાં આવ્યો છુ

અસંખ્ય યાત્રાળુઓની સાથે તીર્થદર્શન માટે આ વસુંધરાના પડ ઉપર ક્યાંથી આવ્યો છું તે યાદ આવતું નથી. નીલાકાશ-રૂપી સમુદ્રને ઘાટે હોડી લાગી છે.

લાખ લાખ જીવનના ફુત્કારથી સંસારનો આ વિરાટ શંખ-ધ્વની રાત–દિવસ ચારેકોર વાગતો સંભળાય છે. આટલો સમય યાત્રાળુ સ્ત્રી પુરૂષો સાથે નગરને છેવાડે આવેલી પાન્થશાળામાં હળ્યો-મળ્યો, સ્નાનપાનમાં, વાતોમાં અને હાસ્ય ગાનમાં પાછલો પહોર થઇ ગયો.

હે નાથ! અત્યારે તારા મંદિરમાં આવ્યો છું: નિર્જનમાં તારે ચરણે પ્રણિપાત કરીને આ જન્મની પૂજા પૂરી કરીશ. ત્યાર પછી હે વસુધેશ્વર નવા તિર્થે જવું પડશે.

—રવિન્દ્રનાથ ટાગોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની નિઃષ્કામ કરુણા

રચયિતા : **અમરચંદ માવજી શાહ**

( રાગ—જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા )

**વટેમાર્ગુએ—**

ના જશો ના જશો એહ અટવી વિષે,
ઝેરીલો નાગ ત્યાં ડંખ દે છે;
કોઇ માનવ કે પ્રાણીઓ જાય ત્યાં,
વિષધારા થકી પ્રાણ લે છે.
ના જશો....એ ટેક૦ ૧

**મહાવીર—**

મરણથી હું ડરૂં એવો પામર નથી,
જઈશ હું જઈશ હું તારવાને;
દુઃખ કેવળ મને અબુઝ એ જીવનું,
જઈશ હું ક્રોધ તસ વારવાને.
ના જશો૦ ૨

**વટેમાર્ગુએ—**

આપ શું જાણતા? નાગ એ જીવ છે?
જેહની દૃષ્ટિમાં વિષ વહેતું;
કેમ નહિ માનતા? હઠ શું રાખતા!
હાથથી મોતમાં જાવું ગમતું.
ના જશો૦ ૩

**મહાવીર—**

જાણું છું જાણું છું અબુઝ એ જીવને,
ક્રોધ કષાયથી એ બળે છે;
નાગના દેહથી વિષ વરસાવતો,
સેંકડો જીવહિંસા કરે છે.
ના જશો૦ ૪

**વટેમાર્ગુએ—**

નહિ જાઓ પ્રભુ! પ્રાણ ભય ત્યાં નડે,
વિનવીએ આપને હસ્ત જોડી;
એહ ક્યાંથી બુઝે? એને ક્યાંથી સુઝે?
વ્યર્થ તે ડંખશે આવી દોડી.
ના જશો૦ ૫

**મહાવીર—**

ધીર વીર! તે છતાં, એહ પંથે પડ્યા,
નાગના રાફડા પાસ આવી;
કાઉસ્સગ્ગ ધ્યાનમાં, વીર તલ્લીન થયા,
અંતર આત્માનું ધ્યાન ધ્યાવી.
ના જશો૦ ૬

**ચંડકૌશીક—**

અહો! અહો! આજ શિકાર મુજને મળ્યો,
ફું ફું ફુંકારતો બહાર આવ્યો;
ફેણ વિકસાવતો, વિષને ફેંકતો,
વીરના ચરણમાં ડંશ લગાવ્યો.
ના જશો૦ ૭

**મહાવીર—**

અનંત કરુણા વડે ધ્યાનને પારીને,
બોધવા નાગને વીર વદતા;
બુઝ! હવે બુઝ! ચંડકૌશીક હદ થઈ,
શું થશે તુજ ગતિ પાપ કરતા.
ના જશો૦ ૮

**પૂર્વભવ—**

પૂર્વભવે મુનિપણે ક્રોધ આવેશથી,
આજ તારી ગતિ આ થઇ છે;
એ જ મહાદોષથી નાગનો ભવ લઈ,
હિંસાના કર્મમાં વૃત્તિ વહી છે.
ના જશો૦ ૯

**જાતિસ્મરણ—**

પૂર્વભવ સમરતાં જાતિસ્મરણ થતાં,
દોષ નિજ નિરખતો બોધ પામે;
ક્રોધને શાંત કરી દૃષ્ટિ વિષ બંધ કરી,
પ્રાયશ્ચિત અંતરે શુદ્ધ જામે.
ના જશો૦ ૧૦

**અંતિમ આરાધના—**

વીર વીચરી ગયા, બુઝવી નાગને, ચંડકૌશીક અનશન કરતો;
શુભ ધ્યાને મરી, દેવગતિને વરી, વીર કરુણાવડે 'અમર' બનતો. ના જશો૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન

( રાગ–વૈષ્ણવ જન તો તેને કહીએ )

જૈન ધરમી તો તેને કહીએ,
જે જીવદયા વ્રત પાળે રે;
સકળ જીવને આત્મ સ્વરૂપે,
નિરખી નયનને ઢાળે રે.
જૈન૦ એ ટેક ૧

સંવર તત્ત્વથી સજ્જ થઇને,
આશ્રવ કર્મને ખાળે રે;
કષાયનો ઉપશમ કરીને,
પંચવ્રતોને પાળે રે.
જૈન૦ ૨

આત્મ તત્ત્વનો ઉપયોગ રાખી,
ઉદય કર્મને બાળે રે;
પરભાવે ઉદાસીનતા ગ્રહી,
બંધભાવને ટાળે રે.
જૈન૦ ૩

પર દ્રવ્યની સ્પૃહા તજીને,
પુદ્ગળભાવને ગાળે રે;
પૂર્વકૃતની નિર્જરા કરતો,
મોક્ષ સુખને ભાળે રે.
જૈન૦ ૪

સત્ ચિદાનંદ–પ્રાપ્ત કરીને,
દર્શન જ્ઞાન અજવાળે રે;
નિર્વિકલ્પ શાંતિમાં સ્થીરતા,
પદ 'અમર' જિન પામે રે.
જૈન૦ ૫

રચયિતા : **અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર



(સ્વ.) શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

**ભગવાનના સમયની દેશની પરિસ્થિતિ:**

લોકોમાં એક પ્રકારની બૌદ્ધિક જડતા, હૃદયશૂન્યતા, બ્રાહ્મણોનું વર્ચસ્વ, રાજાઓ ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણોનું તેમની પર વર્ચસ્વ, રાજ્યમાં પુરોહિતોનું જોર, ધર્મતત્ત્વનો સમગ્ર સાર વેદમાં, વેદનો સર્વ અધિકાર પણ બ્રાહ્મણોનો, આચાર શુદ્ધિ, જીવન શુદ્ધિ કે મન શુદ્ધિ પણ નહિં પણ માત્ર ક્રિયાકાંડ, ક્ષુદ્ર લોકો સાથેનો વ્યવહાર જાનવર કરતાં પણ બદતર, શ્રાદ્ધ, યજ્ઞમાં માંસાહાર, પશુઓનું યજ્ઞમાં બલિદાન, યજ્ઞ દ્વારા સુખની સામગ્રી પ્રાપ્ત થવાની માન્યતા, સ્ત્રીઓ સ્વતંત્ર ન હતી, બ્રાહ્મણોનું જાતિ અભિમાન, માનવ જાતની સમાનતા, એકતાને સ્થાને ઊંચ નીચ ભાવના, જાતિવાદ.

**ભગવાનનો જન્મ અને કુટુંબનો ઇતિહાસ:**

ભગવાનના નિર્વાણ પછીનું આ ૨૫૦૩મું વર્ષ ચાલે છે, અને તેમનું આયુષ્ય ૭૨ વર્ષનું. એટલે આજથી ૨૫૭૫ વર્ષ પહેલાં ચૈત્ર શુદ ૧૩ની પ્રભાતે પ્રભુનો જન્મ થયો. ત્રિશલા માતા સિદ્ધાર્થ પિતા, કાશ્યપ ગોત્ર, જ્ઞાતૃવંશ, ત્રિશલા માતા ચેટકના બહેન, ભગવાનને એક ભાઈ–નંદીવર્ધન, એક બહેન–સુદર્શના, ભગવાનની પત્ની યશોદા, ભગવાનની પુત્રી પ્રિયદર્શના, જમાઈ જમાલી તે સુદર્શનાનો પુત્ર, ત્રિશલા માતાનું ગોત્ર વસિષ્ઠ, ભગવાનના કાકાનું નામ સુપાસ, ચેટકની પુત્રી ચેલ્લણા શ્રેણિકના પત્ની, ચેટકના જમાઈઓ નંદિવર્ધન, વીતભયનગરનો રાજા ઉદયન, ઉજ્જૈનનો રાજા ચંડપ્રદ્યોત, કૌશાંબીનો શતાનિક, ચંપાનગરીનો દધિવાહન, ચંદનબાલા ચેટકની પુત્રીની પુત્રી.

**ગર્ભમાંનું હલનચલન:**–આ રાગ ન હતો. હરિભદ્રસૂરિ રચિત પિતૃભક્તિ અષ્ટકમાં એક શ્લોક છે :—

स कृतज्ञः पुमान् लोके स धर्म–गुरु पूजकः ।
स शुद्ध धर्मभाक् चैव य एतौ प्रतिप्रद्यते ।।

તે જ મનુષ્ય કૃતજ્ઞ છે, ધર્મ અને ગુરુનો પૂજક છે, અને તે જ મનુષ્ય શુદ્ધ ધર્મની આચરણા કરનાર છે જે માતા પિતાની સેવા સુશ્રુષા કરે છે.

માતા પિતા હયાત હોય ત્યાં સુધી માતા પિતા નારાજ થાય એવી કોઈ પ્રવૃત્તિ ન કરવાનો અભિગ્રહ, નિશાળમાં અભ્યાસ, ચતુર અને કુશાગ્ર શબ્દજ્ઞાન, અર્થજ્ઞાન, શાસ્ત્રોનું જ્ઞાન, વ્યાયામ ખડતલ અને કેળવેલું શરીર, પરિશ્રમપણું, સહનશક્તિના ગુણો. વર્ધમાન, સાપને ફેંકી દીધો, તિંદુસક દેવને મુક્કી મારી ત્યાંથી જ તેનું નામ મહાવીર.

**ગૃહસ્થાશ્રમ**–કોઇને ન દુભાવવાની અને જે કોઈ પ્રતિકૂળતા આવે તેને સહી લેવાની વૈરાગ્ય-પ્રધાન વૃત્તિ માતા પિતાને ન દુભાવવા અર્થે લગ્ન કર્યાં, ગૃહસ્થાશ્રમમાં તેમણે જોયું કે દેહ સુખ, ઇંદ્રિય સુખ, અને વાસનાઓને, વૃત્તિને સંતોષવાનું સુખ બીજાઓની દુભામણી ઉપર જ શકય છે ૨૮ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યશોદામાતાના મૃત્યુની માહિતી નથી. માતા પિતાના મરણ બાદ બે વર્ષ વધુ નંદિવર્ધનના આગ્રહથી સંસારમાં રહ્યા. ૩૦ વર્ષની ઉંમરે રાજ્ય સુખ, ભોગસુખ, કુટુંબસુખને તણખલાની પેઠે તજી દઈ આધ્યાત્મિક સુખ, આધ્યાત્મિક શાંતિ અને આધ્યાત્મિક પૂર્ણ વિકાસની શોધમાં ત્યાગમાર્ગ સ્વીકાર્યો. સાધનાકાળનું શાસ્ત્રોમાં તેમનું જે ચિત્ર આપવામાં આવ્યું છે તે આમ છે.

"શ્રમણ બનેલા શ્રી વર્ધમાન મહાવીર મન, વચન અને કાયાને સારી રીતે પ્રવર્તાવનારા, મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાચવનારા, જિતેંદ્રિય, સર્વથા નિર્દોષપણે બ્રહ્મચર્ય વિહારે વિહરનારા, ક્રોધ અહંકાર છળકપટ અને લોભ વગરના, શાંત, ઉપશાંત, અપરિગ્રહી, અકિંચન જેમની પાસે ગાંઠ વાળીને સાચવી કે સંઘરી રાખવા જેવું કશું જ ન હતું એવા છિન્નગ્રંથ નિર્ગ્રંથ, કાંસાના વાસણની જેમ કોઈ પ્રકારનો લેપ ન ચોંટે એવા, આકાશની જેમ પોતા ઉપર જ પ્રતિષ્ઠિત, બીજાના આધારની અપેક્ષા વિનાના, વાયુની પેઠે સ્વતંત્રપણે વિહરનારા, શરદઋતુના પાણીની જેવા નિર્મળ, કમળની જેવા અલિપ્ત, કાચબાની જેવા ગુપ્તેંદ્રિય, વરાહના મુખ ઉપરના શિંગડા જેવા એકાકી, સામે પૂરે ચાલનારા એકાકી, પક્ષીની પેઠે સર્વથા મુક્ત, હાથીની પેઠે શૂર, જાતવંત બળદ પુંગવની પેઠે પરાક્રમી, સિંહની પેઠે કોઇથી ગાંજ્યા ન જાય એવા, મેરુની પેઠે અકંપ, નિશ્ચયે અડગ, સાગરની પેઠે ગંભીર, ચંદ્રની પેઠે શીતળ, સૂર્યની પેઠે તેજથી ઝળહળતા, સોનાની પેઠે ચમકતી દેહ કાંતિવાળા, જેમાં ઘી હોમેલું છે એવા અગ્નિ પેઠે જાજવલ્યમાન અને સર્વ સહ પૃથ્વીની પેઠે તમામ પરિસ્થિતિઓને સહનારા એવા હતા. પ્રવજ્યા લીધા પછી શ્રી વર્ધમાન મહાવીરે અંગને ઢાંકવા સારૂં કપડાના કટકાનો પણ ઉપયોગ બિલકુલ નહીં કરેલો. અચેલક રહેલા. ગમે તેવી ટાઢ પડો યા ગમે તેવો તાપ પડો તો પણ ભગવાને કોઈ પણ સંયોગોમાં ટાઢ કે તાપના નિવારણ માટે કપડાનાં લીરા સરખાનો ય ઉપયોગ નથી કર્યો; તે નથી જ કર્યો; તેમ બીજા કોઈ પણ સાધનોનો, આગનો વા છત્ર વગેરેનો પણ ઉપયોગ નથી કર્યો. ગામમાં ભગવાન એક રાત રહેતા અને નગરમાં પાંચ રાતથી વધુ રહેતા નહીં કોઈ વાંસલો મારે વા કોઈ ચંદન ચોપડે તે બંને પરિસ્થિતિમાં ભગવાન સમદશામાં જ વર્તતા, તણખલું મણિ ઢેફું કે સોનું તે તમામ પદાર્થોમાં એકસરખી પરીક્ષણ વૃત્તિવાળા ભગવાન હતા અને જીવન વા મરણ બન્ને તરફ સમાનભાવે જોનારા હતા —સર્વથા સમદર્શી હતા."

**સાધના કાળના પરિષહો–ઉપસર્ગો :**

૧૨॥ વર્ષની આકરી તપશ્ચર્યા, ૧૨॥ વર્ષો દરમ્યાન ૩૫૦થી પણ ઓછા દિવસોના પારણાં, છ છ માસ, ચાર ચાર માસ, ત્રણ ત્રણ માસ, અઢી માસીયા, બે માસીયા, દોઢ માસીયા, માસ ક્ષમણો અને પક્ષક્ષમણો કર્યાં છે. ઇન્દ્ર અને દેવોના સહાય બાબતમાં દીક્ષાના દિવસનો બનાવ, કુમાર ગામે ગામના બહાર ધ્યાનસ્થ દશામાં બેઠા હતા ત્યાં ગોવાળીઆનુ આગમન, પ્રભુને ધ્યાન રાખવાનું કહી ગયો, રાતે મોડો આવ્યો–શોધખોળ–ખરાબ દાનત હોવી જોઇએ. બળદની રાશ ઉપાડી ભગવાનને મારવા દોડ્યો. ઈંદ્રનું આગમન, ભગવાન સાથે વાતચીત, "કર્મ ક્ષયના માર્ગમાં બીજા કોઈની મદદ કામ લાગતી નથી. મારા પૂર્વ કર્મોનો ક્ષય મારે તેના ફળ ભોગવીને જ કરવો પડવાનો છે, માટે તારે આ પ્રકારે મારી પાછળ ફરવાનું કોઈ પ્રયોજન નથી" એ સમયે યજ્ઞયાગ, પૂજાપાઠ આદિ બધાં ધાર્મિક અનુષ્ઠાનો અને પશુઓનું બલિદાન દેવોને ખુશ કરી ભૌતિક સુખ પ્રાપ્ત કરવાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈચ્છાપૂર્વક થતું, પરંતુ ભગવાને સુખની નવી જ કલ્પના બતાવી છે. સુખ ભોગમાં નથી પણ ત્યાગમાં છે, એટલે દેવોને જૈન દર્શને મનુષ્ય કરતાં નીચલી પંક્તિમાં મૂક્યા છે ચરિત્રશીલ માણસોને વંદન કરી દેવો ઇંદ્રસભામાં બેસે છે એવો ઉલ્લેખ ઉત્તરાધ્યયન સૂત્રમાં આવે છે. ભગવાનની પ્રતિજ્ઞા હતી કે "કોઇ પણ પ્રાણીને કોઈપણ પ્રકારની પીડા ન આપવી. બધા જીવો પ્રત્યે મૈત્રી રાખવી, પોતાના જીવનમાં જે કોઈ વિઘ્નો બાધાઓ ઉભી થાય તે બધીને કોઈ બીજાની સહાયતા લીધા વિના સમભાવપૂર્વક સહન કરવી." એટલે દેવોની સહાયની જે જે વાતો આવે છે તે મહાવીરના જીવન સાથે સુસંગત નથી.

પ્રથમ ચોમાસુ મોરાક ગામમાં સિદ્ધાર્થના મિત્ર તાપસના આશ્રમમાં, ઘાસની ઝુંપડી, ગાયોનો ત્રાસ, વર્ષાઋતુમાંજ વિહાર કર્યો. મનમાં ગાંઠવાળી કે ૧. જ્યાં અપ્રીતિ થાય તેવું સ્થાન હોય તે સ્થાને કદી રહેવું નહીં. ૨. જ્યાં રહેવું ત્યાં સદા ધ્યાનમગ્ન રહેવું અને જગ્યા પણ તેવી જ શોધવી. ૩. ત્યાં પ્રાયઃ મૌનાવસ્થામાં જ રહેવું. ૪. હાથરૂપી પાત્ર વડે જ ભોજન કરવું. ૫. ગૃહસ્થની ખુશામત કરવી નહીં. ભગવાન કોઈ દિવસ કોઈ રાજાના રાજમહેલમાં અગર ગૃહસ્થને ત્યાં એક પણ દિવસ માટે રહ્યાં હોય તેવું જોવામાં આવતું નથી. બુદ્ધની બાબતમાં એવું જોવામાં આવે છે.

તાપસના ગામેથી અસ્થિક ગામે આવ્યા. શૂલપાણિ યક્ષના મંદિરમાં રહ્યા. અટ્ટહાસ્ય, ભયંકર અવાજો કર્યા. યક્ષે હાથી, પિશાચ, સર્પ આદિ રૂપો વડે તેમને બીવરાવવા ખૂબ પ્રયત્નો કર્યાં, શરીરના મર્મસ્થાનોમાં ઈજા પહોંચાડી, અંતે શરણે આવ્યો. તત્ત્વોપદેશ આપી અહિંસાના સુવર્ણમાર્ગે ચઢાવ્યો.

પાખંડી અચ્છંદક-મોરાક ગામમાં મૂઢ લોકો ચમત્કારથી ખેંચાય છે મંત્ર. તંત્ર સિદ્ધિ સાધનામાં અંતરાયરૂપ.

ચંડકૌશિક સર્પ-જેના સાન્નિધ્યમાં ક્રૂર, હિંસક પ્રાણીઓ પોતાનો સ્વભાવ છોડી દઈ અરસપરસ વિરોધભાવનો ત્યાગ કરે છે, તેના હૃદયમાં પ્રાણીમાત્ર પ્રત્યે સમતા અને અભય છલોછલ ઉભરાતાં હોવા જોઈએ.

**आत्मवत् सर्वभूतेषु-શુભ રજકણો હથેલી.**

દીક્ષા લીધા પછીના પાંચમા ચોમાસા પહેલાં ભગવાને અનાર્ય અર્થાત્ વજ્રભૂમિમાં (મુર્શીદાબાદ નજીકની ભૂમિ તેમજ ઓરિસ્સા પ્રાંતની સરહદ ભૂમિ પર આ પ્રદેશ હોવાનું કથન જોવામાં આવે છે.) પ્રવાસ કર્યો હતો અને ત્યાં તેમણે અસહ્ય કષ્ટો સહન કર્યાનો ઉલ્લેખ જોવા મળે છે. આચારાંગસૂત્રમાં તે પ્રવાસનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે: "ત્યાં તેમને તદ્દન હલકી જાતના શય્યા અને આસનોનો ઉપયોગ કરવો પડ્યો હતો. ત્યાંના લોકો પણ તેમને બહુ મારતા. ખાવાનું બહુ લૂખું મળતું અને કૂતરા કરડતાં. કેટલાક લોકો તે કૂતરાઓને રોકતા, તો કેટલાક તે કૂતરાઓને છુછકારીને કરડાવતા. વજ્રભૂમિના લોકો બહુ કઠોર હતા. ત્યાં કૂતરાં કરડી ન જાય તે માટે બીજા શ્રમણો હાથમાં લાકડી કે નાળ લઈને ફરતા. કેટલીકવાર કૂતરાઓ મહાવીરને કરડતા અને તેમની માંસપેશીઓ ખેંચી કાઢતા. છતાં એના દુર્ગમ લાઢ દેશમાં હિંસાનો ત્યાગ કરીને અને શરીરની મમતા છોડીને તે અનગાર ભગવાને આવી પડતાં સંકટોને સમભાવે સહ્યાં; અને સંગ્રામને મોખરે રહેતા વિજયવંત હાથીની જેમ એ દુઃખો પર જય મેળવ્યો, કેટલીક વાર લાઢ દેશમાં ઘણે દૂર ચાલ્યા છતાં ગામ જ ન આવતું, કોઈ જગાએ ગામની ભાગોળ પાસે આવતાં જ ગામના લોકો બહાર નીકળીને તેમને મારતાં અને હાંકી કાઢતા. કોઈ વાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ ભગવાનના શરીર ઉપર બેસી તેમનું માંસ કાપી લેતા, કોઈ વાર તેમના ઉપર ધૂળ વરસાવવામાં આવતી, કોઈ વાર તેમને ઊંચેથી નીચે પટકવામાં આવતા, તો કોઈ વાર આસન ઉપરથી તેમને ગબડાવી નાખવામાં આવતા."

શાલિશીર્ષ નામે ગામમાં માહ માસમાં ધ્યાન ધરતાં કટપૂતના વ્યંતરીએ ઠંડા પાણીના બિંદુઓ સતત્ વરસાવ્યા કર્યા અને ભારે ઉપદ્રવ કર્યો. મહાવીરના ત્રિપૃષ્ઠ વાસુદેવના જન્મમાં તે વ્યંતરી તેની અણુમાનીતી વિજયવતી નામની રાણી હતી.

દીક્ષા બાદ ૧૦મા ચોમાસામાં દઢ ભૂમિમાં પેઢાલ ગામમાં મહાવીરને સંગમદેવે કરેલાં અનેક ઉપસર્ગો સહન કરવા પડ્યાં. મ્લેચ્છોના દેશમાં ઉગ્ર તપ કર્યું. કીડીઓ, ડાંસ, વીંછી, નોળિયા, સર્પ, ઉંદરો આવી ભગવાનના માંસ લોહીની યથેષ્ટ મિજબાની ઉડાવી ગયા. અનુકૂળ પ્રલોભનો-દેવાંગના જેવી સ્ત્રીઓની આજીજીઓ, હાવભાવો, ભગવાન અણુનમ રહ્યાં. કૃતાપરાધેપિજને.

ષણ્માનિ ગામમાં છેલ્લો કારમો પ્રસંગ, ગોવાળે સોંપેલા બળદો. બળદો માટે પૂછતાં મહાવીર ધ્યાનમાં હોય કશું ન બોલ્યા, ગોપાળે કાનમાં બે શૂળો લઈ બે બાજુથી બંને કાનમાં ખોસી દીધી, બહારનો ભાગ કાપી નાંખ્યો, અપાપાનગરી આવ્યા, સિદ્ધાર્થ નામના વણિકને ત્યાં જતાં ખરક નામના વૈદ્યે આ જાણ્યું, તેણે કાનમાંથી શૂળો કાઢી ભયંકર ચીસ પડી ગઈ, ત્રિપૃષ્ઠ વાસુદેવના જન્મમાં શય્યાપાલના કાનમાં સીસું રેડ્યું, સુખ સમૃદ્ધિમાં સત્તાના ઘેનમાં માણસ પાપ કરે છે તેનું ફળ.

ઋજુવાલુકા નદીના ઉત્તર કિનારા પર ભગવાન મહાવીરને ગોદોહાસને વૈશાખ શુદ ૧૦ના દિવસે કેવળજ્ઞાન થયું.

તપઃ—આ રીતે તપ અને સાધના દ્વારા ઘાતિકર્મોનો નાશ થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તપની વિશિષ્ટતા પૂર્વકર્મોને બાળવામાં તપ રસાયન રૂપ છે. ભગવાને આંતરદૃષ્ટિ ઉભેરી બાહ્ય તપને અંતર્મુખ બનાવ્યું. તપનો હેતુ જીવનમાં ઊંડા ઉતરીને જીવનનો અંતર્મળ ફેંકી દેવાનો છે. તપશ્ચર્યાથી દેહ કૃશ કરવો સહેલો છે. પણ મર્કટ સમી ચંચળ વૃત્તિઓને કૃશ કરવી કઠિન છે. દેહ અને ઇંદ્રિયોનું દમન વૃત્તિના ઉશ્કેરાટને દબાવે છે, વિષયના વેગને રોકે છે, પણ વિષયો તરફ વૃત્તિનું વલણ જ્યાં સુધી રહે ત્યાં સુધી તપશ્ચર્યાની સર્વાંગસિદ્ધિ પ્રાપ્ત થઈ ન ગણાય. દમન એ સાધના છે અને શમન એ સિદ્ધિ છે એટલે વિષયો તરફ જતી વૃત્તિનો જડમૂળથી નાશ કરવો એ જ તપની સિદ્ધિ છે. તપના બે વિભાગ બાહ્યતપ (અનશન, ઉનોદરી વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, સંલીનતા, કાયક્લેશ) આભ્યંતરઃ (પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન કાયોત્સર્ગ) દેહને લગતાં બધા જ દેખી શકાય તેવા નિયમો બાહ્ય તપમાં આવી જાય છે. આભ્યંતર તપમાં જીવનશુદ્ધિના આવશ્યક નિયમો આવી જાય છે. બાહ્ય તપનો હેતુ આભ્યંતર તપની પુષ્ટિ માટે જ છે. પતંજલીએ તપનું પ્રયોજન બતાવતાં કહ્યું: ક્લેશોને નબળા પાડવા તે સમાધિના સંસ્કારો પુષ્ટ કરવા માટે છે. તપને પતંજલીએ ક્રિયાયોગ કહ્યો છે અને તેથી ક્રિયાયોગથી જુદો રાજયોગ સ્વીકારવો પડ્યો છે. આપણે ત્યાં તપમાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બંનેનો સમાવેશ થઈ જાય છે બાહ્ય તપ જે ક્રિયારૂપ છે તે અભ્યંતર તપ-જ્ઞાનયોગની પુષ્ટિ અર્થે જ છે. જીવનનાં અંતિમ સાધ્યમાં જ્ઞાનયોગની પુષ્ટિ જ ઉપયોગી છે.

**જૈનધર્મનું હાર્દ 'અહિંસા'**—અહિંસાના વિવેચન માટે જીવશાસ્ત્રની રચના, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ બધાય જીવને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખ અનુકૂળ અને દુઃખ પ્રતિકૂળ–બધા જ જીવો જીવવાને ઇચ્છે છે, જીવનને પ્રિય ગણે છે. आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् - આચારમાં અહિંસાના બે રૂપ છે. સંયમ અને તપ. સંયમથી સંવર અર્થાત્ નવા કર્મો આવતાં અટકી જાય છે, તપથી જૂનાં બાંધેલા કર્મોનો નાશ થતો જાય છે. અહિંસાનો અર્થ માત્ર કોઈ જીવની હિંસા ન કરવી એટલો જ નથી પણ મન, વચન, કાયાથી કોઈ પણ જીવને ન દુભવવો એ પણ છે, એટલે અહિંસક મનુષ્યે એવી રીતે જીવવું જોઈએ કે જેથી આત્મહિત તો થાય પણ પરનું અહિત ન થાય. એટલું જ નહીં પણ આત્મહિતની સાથોસાથ પરહિત પણ થતું રહે. ભગવાને કોઈ હકીકત વિષે કશી અનુમતિ જ આપેલ છે એમ નથી, તેમ કોઈ હકીકત વિશે કશો પ્રતિષેધ જ કરેલ છે એમ નથી, તેમ છતાં ભગવાનની એવી આજ્ઞા છે કે સાધનામાં મનુષ્યે સંયમપૂર્વક રહેવું ઘટે અર્થાત્ કાર્યમાં સત્ય હોવું ઘટે. સત્ય, અચોરી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતો, અહિંસા વ્રતની પુષ્ટિ અર્થે જ છે, અહિંસાનો વ્યાપક અર્થ કરીએ તો આત્મામાં ક્લેશ ઉત્પન્ન થવા દેવો તે પણ હિંસાનું એક સ્વરૂપ જ છે. જૈન આચારના મૂળમાં દ્રવ્ય નહિ પણ ભાવ છે, એટલે આચરણ કરતાં અંતરનો ભાવ એ આચારમાં મુખ્ય છે. मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः આત્માના અધ્યવસાય સાથે જ કર્મના બંધનો સંબંધ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ–જીવનમાં અહિંસાનું પૂરેપૂરું પાલન કરવું હોય તો વિચારમાં અનેકાન્ત અપનાવ્યા વિના ચાલે નહીં. આમ અહિંસામાંથી જ જૈન ધર્મનો અનેકાંતવાદ સિદ્ધાંત ફલિત થયો છે.

**અનેકાંતવાદ**—કોઈ પણ વસ્તુ કે બાબતના સત્ય દર્શન માટે અનેકાંતવાદની જરૂર છે. અનેકાન્તવાદની સમજૂતિ આપવા અંધગજ ન્યાયનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવામાં આવે છે. સૂંઢ, પૂંછડું, પગ, કાન માટે જુદા જુદા અંધો જુદી જુદી વાતો કરે છે ત્યારે વિવાદ ઉભો થાય છે. પણ એ બધાના વિવાદ હાથીને જોઈ શકનાર શમાવી શકે છે. કોઈ પણ વસ્તુ પરત્વે એક રીતે જ વિચારવું અને તે વિષે બીજા દૃષ્ટિબિન્દુને લક્ષમાં લેવા નહીં તે એકાન્ત છે. જીવનમાં જેમ કેવળ હઠાગ્રહથી ચાલતું નથી, માંડવાળ કરવાની વૃત્તિ કેળવવી પડે છે તેમ દાર્શનિક વિચારોમાં પણ એવી માંડવાળ કરવાની વૃત્તિમાંથી અનેકાંતવાદનો જન્મ થાય છે બાહ્ય સંપત્તિની માફક જ વિચાર સંપત્તિનું મૂલ્ય, અહિંસક જીવન વ્યવહારમાંથી જ બીજાના વિચારોને ઠેસ ન પહોંચાડવાની વૃત્તિનો જન્મ થાય છે. વાદવિવાદની, વૈર પ્રતિવૈરની પરંપરા વધે છે અને આ હિંસા જ છે. વૈચારિક હિંસાના નિવારણરૂપે જ અનેકાન્તવાદનો વિકાસ કરવાનું ભગવાન મહાવીરે ઉચિત માન્યું. જે દૃષ્ટિએ વસ્તુ તરફ જોઈએ તે દૃષ્ટિએ ઘણું ખરું વસ્તુનું સ્વરૂપ કળાય છે–ગણધરો અને વેદાંત. પર્યાય દૃષ્ટિએ જગત આત્મા બધુંય અનિત્ય છે. દ્રવ્ય દૃષ્ટિએ જગત આત્મા બધું નિત્ય છે. મોક્ષનો ઉપાય દોષો આવતાં અટકાવવા અને મલિન વૃત્તિઓનો ક્ષય કરવો.

**બ્રહ્મચર્ય**—ચાર વ્રતોમાંથી બ્રહ્મચર્યના પેટા વ્રતને મહાવ્રતને રૂપ આપ્યું. તે વખતમાં પ્રવર્તતી શિથિલતા, ગોશાળાએ દાખવેલો વિરોધ. બ્રહ્મવ્રતેષુ વ્રતમ્–શીલનો અર્થ વીર્ય-નિરોધરૂપી સ્થૂલ બ્રહ્મચર્ય કરવામાં નથી આવ્યો, પરંતુ મન–વચન–કાયાએ કરી ઇન્દ્રિયો પર જય મેળવી તેમની દુષ્પ્રવૃત્તિમાંથી મુક્ત થવું એ જ શીલની શુદ્ધ વ્યાખ્યા છે. પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યની મહત્તા સૌથી વિશેષ છે. કારણ કે બ્રહ્મચર્ય વ્રત સિવાય અન્ય વ્રત ખંડિત થાય તો માત્ર તે વ્રત ખંડિત થયું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણાય. પરંતુ બ્રહ્મચર્ય વ્રત ખંડિત થવાના કારણે પાંચે વ્રત ખંડિત થાય છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ આ વિષે એક દાખલો આપી સમજાવ્યું છે કે-વેશ્યામાં મન જવાથી અમૈથુન વ્રત ખંડિત થાય છે. વેશ્યાદિમાં ચિત્ત રાખી ભિક્ષા માટે જતાં જીવજંતુ કચરાવાથી હિંસા થાય છે. બીજો પૂછે ત્યારે છૂપાવવા જતાં અસત્ય બોલવું પડે છે. વેશ્યાની રજા વિના તેના મુખનું દર્શન કરવું એ ચોરી છે અને તેનામાં મમતા કરવી એ પરિગ્રહ છે.

બ્રહ્મચર્ય માટેના કડક નિયમ પાલનો–સંભૂતિ મુનિ, સનત્કુમારની પત્ની સુનંદા, વાળની લટ, ઉત્તરાધ્યયન સૂત્રનું અધ્યયન, આ. વલ્લભવિજયજીની 'બ્રહ્મચર્યવ્રતની પૂજા' માં: "બ્રહ્મચર્ય શુદ્ધ જેહ, પરમ પૂત તાસ દેહ, દેવ સેવ કરત નેહ, જય જય જય બ્રહ્મચારી, વીતરાગ સમ જાનિયે, બ્રહ્મચારી નિરાગ, બ્રહ્મચર્ય તપસે મિલે, મોક્ષ પરમ પદ ધામ. નૂતન શ્રી જિન ચૈત્ય બનાવે, કોટિ નિષ્કદાન કરીને, હોવે નહિ બ્રહ્મચર્ય બરાબર, આગમ પાઠ ઉચ્ચારીને." બ્રહ્મચર્ય એટલે આત્મદર્શનની સાધના-શુકદેવજી.

**સુખનો સાચો માર્ગ આત્મદમન**-ભગવાન મહાવીરે સુખનો સાચો માર્ગ બતાવતાં કહ્યું કે બીજાઓનું દમન કરવાને બદલે પહેલા પોતાની જાતનું જ દમન કરો. પોતાની જાતના દમનથી પોતે જાતેજ ઇંદ્રિયોના વિજેતા બનવાથી બધાનું દમન થઇ જાય છે અને એના ફળ રૂપે સુખ જ મળે છે. ઉત્તરાધ્યયનનું નમિરાજવાળા અધ્યયનની વાત-ઇંદ્રે બ્રાહ્મણ રૂપમાં આવી કહ્યું : દુશ્મનોને હરાવી પછી સંયમ ગ્રહણ કરો. નમિરાજે કહ્યું : યુદ્ધમાં જઇને હજારો અને લાખો યોદ્ધાઓ પર વિજય મેળવવો સહેલો છે, પણ પોતાની જાત પર વિજય મેળવવો મુશ્કેલ છે અને આત્મજય એ જ પરમ જય છે; તો આ પરમ જયને છોડીને હું એ તુચ્છ જયની પાછળ શા માટે પડું ? આધ્યાત્મિક યુદ્ધ-એટલે કે પોતાની જાત સાથેનું પોતાનું યુદ્ધ જ જ્યારે મારી સામે આવીને ઊભું છે, તો હું બાહ્ય યુદ્ધમાં શા માટે ફસાઉં ? બીજાઓને મારવાથી-હરાવવાથી મારૂં વેર વધતું જશે અને અંતે એ મારો પોતાનો નાશ કરશે. યુદ્ધનો ઉદ્દેશ સુખ જ હોય અને એ સુખ જો મને મારી જાત ઉપર વિજય કરવાથી મળી શકતું હોય, તો હું નાહક શા માટે સૌને મારતો ફરૂં ? શિલ્પશાસ્ત્ર મુજબ ઉત્તમ પ્રાસાદો બંધાવી પછી સંયમમાર્ગે જવા કહ્યું, ત્યારે કહ્યું :

संसयं खलु सो कुणई जो मग्गे कुणइ घर,
जत्थेव गन्तु मिच्छेज्जा तत्थ कुव्वेज्ज सासय.

જે રસ્તામાં ઘર બનાવે છે તે ખરેખર સંશય કરે છે અર્થાત્ સંકટ વધારે છે. જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જ પોતાનું નિવાસસ્થાન બનાવવું—નિજસ્વરૂપ જે ક્રિયા સાધે તે અધ્યાત્મ કહીએ રે....

**ભગવાનના જીવનનો અંતિમ દિવસ :**

ભગવાને છેલ્લું ચોમાસું પાવાપુરીમાં કર્યું. તે વખતની તેમની દિનચર્યા, શારીરિક હાલત ઇત્યાદિની કોઇ નોંધ પ્રાપ્ત થતી નથી. છેલ્લા દિવસની એક વિગત સંઘરાઈ રહી છે. જેમ જેમ દેહ છોડવાનો વખત નજીક આવતો ગયો તેમ તેમ ભગવાને તેમની ઉપદેશધારા વેગથી ચાલુ કરી. છેલ્લી રાતે ભગવાને પુણ્યનાં ફળો વિષે ૫૫ અધ્યયનો, પાપના ફળો વિષે ૫૫ અધ્યયનો અને વણપૂછયા વિષયોનાં ૩૬ અધ્યયનો એક પછી એક તેમના મુખેથી વહ્યા જ કર્યાં. કેટલાકનું કહેવું એમ છે કે વણપૂછયા વિષયોના ૩૬ અધ્યયનો તે જ ઉત્તરાધ્યયના ૩૬ અધ્યયનો. ભગવાને છ ટંકનો ઉપવાસ કર્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો. સૌ તેમની આસપાસ ઊભા હતા. ગૌતમની મહાવીર ભગવાન ઉપર અતિશય મમતા હતી, અને તે મમતા જ તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં વિઘ્નરૂપ થતી હતી. એ મમતાનો છેદ કરવા છેલ્લી ઘડીએ ભગવાને ગૌતમને નજીકના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલી આપ્યા હતા. ભગવાન મહાવીરના સમગ્ર ઉપદેશનો સાર 'પરિગ્રહ' ત્યાગમાં સમાયો છે પરિગ્રહનો સાચો અર્થ મૂર્ચ્છા છે એટલે જ તત્ત્વાર્થસૂત્રમાં 'મૂર્ચ્છા પરિગ્રહ' કહેવામાં આવ્યું છે. એ મૂર્ચ્છા ત્યાગનો આધાર મનુષ્યનો પોતાનો 'પુરુષાર્થ' છે; તેમાં કોઈની કૃપા ચાલતી નથી. ગૌતમની ભગવાન પ્રત્યેની ભક્તિમાં સૂક્ષ્મ મૂર્ચ્છા–મોહનું તત્ત્વ હતું અને તે જ કેવળજ્ઞાન થવામાં બાધક હતું.

એટલે ગૌતમ જ્યારે દેવશર્માને ઉપદેશ આપી પાવાપુરી પાછા ફર્યા અને ભગવાનનું નિર્વાણ થયાના સમાચાર સાંભળ્યા ત્યારે તેને ભયંકર ધરતીકંપના જેવો આંચકો લાગ્યો ઘડી બે ઘડી માટે તેને થયું કે, અરે! ભગવાને મને તેની અંતિમ ઘડી વખતે જ દૂર કર્યો? ગૌતમની મૂર્ચ્છા દૂર થવા લાગી અને વિચારવા લાગ્યા: ભગવાનની અનન્યભાવે ઉપાસના તો મેં કરી, પણ મારા પોતાના આત્માની જ ઉપાસના હું ચૂકી ગયો. ઉપાસક જો પોતાના જ આત્માને ભૂલી જાય તો તેની ઉપાસનાથી તેના આત્માનો ઉદ્ધાર ન થાય. ઉપાસના એ ઉપાસના ખાતર જ નહિ, ઉપાસ્ય ખાતર પણ નહિ, પણ ઉપાસકના 'આત્મા' ખાતર જ છે, એનું સતત ભાન રહેવું જોઈએ. મારી ઉપાસના ભગવાનને રોકી શકી નહિ, તો મારો પણ એ જ માર્ગ હોઈ શકે. તેને ત્યારે સમજાયું કે ભગવાનની તેની ઉપાસના તેના આત્માની ઉપાસનાના એક સાધનરૂપ જ હતી. ગૌતમે વિચાર્યું કે ભગવાનની ઉપાસના કરતો કરતો હું જો મારા આત્માની ઉપાસનાને ભૂલી જાઉં કે તેમની ઉપાસના દ્વારા મારા આત્માની ઉપાસનાને માર્ગે ન વળું અને કેવળ તેની જ ઉપાસનાને જ વળગી રહું તો એ પણ એક મોહ છે, સૂક્ષ્મ મોહ છે. આ રીતે વિચારતાં ગૌતમની મૂર્ચ્છાનો ત્યાગ થયો અને તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અંતે તો માણસે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. ઉપાસ્ય દિવાદાંડી રૂપ છે. સમુદ્રમાં દિવાદાંડી નાવિકને માર્ગદર્શન આપે છે તેમ ભગવાનની ભક્તિ આપણને માર્ગદર્શન આપે છે પણ તે રસ્તે જવાનું તો આપણે જ હોય છે. ભગવાને આ માટેનો માર્ગ નિર્મળતા, પરિગ્રહ–મૂર્ચ્છા ત્યાગનો બતાવ્યો છે. આઠે કર્મમાં મોહનીય કર્મની જ અતિ પ્રબલતા છે. એ મોહનો ત્યાગ થતાં આત્માના ઉદ્ધારનો માર્ગ મળી ગયો કહેવાય. આપણે જ આપણો આત્મદીપ બનવાનું છે ભગવાનના ઉપદેશમાં આ જ રહસ્ય રહેલું છે. ઉપાસક અને ઉપાસ્ય વચ્ચેનો ભેદ જવો જોઈએ. ભગવાને માનવ જાતને આ જ ઉપદેશ આપ્યો છે, માનવ માત્ર મુક્તિનો અધિકારી છે, તે પોતાના આત્માને ઓળખે અને જે કર્મોથી આત્મા બદ્ધ થયેલો છે તેને કર્મમાંથી મુક્ત કરવા પુરુષાર્થ કરે તો અંતે તેમાં માનવનો જ વિજય છે.






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરના નિર્વાણ સમયના પ્રાચીન તીર્થો



લેખક-શ્રી જયંતિલાલ એમ. શાહ

ભારત એ તીર્થભૂમિ છે. તેમાં અસંખ્ય તીર્થો આવેલ છે જેમા ચરમ તીર્થંપતિ પ્રભુ મહાવીર સ્વામીના તીર્થો વિષે આજથી ૩૫ વર્ષ પહેલા પૂ. જ્ઞાનવિજયજી મ. એ થોડું સંશોધન કરેલ તેના આધારે કેટલીક માહિતિ રજુ કરૂં છું.

**અતિ પ્રાચીન તીર્થો**-તક્ષશિલા, મથુરા, અજારા, શંખેશ્વરજી. જગન્નાથપુરી વિ. મહાવીર સ્વામી પહેલાંના તીર્થો છે.

**અર્વાચીન તીર્થો**-ક્ષત્રીયકુંડ, રૂજુવાલુકા, મુંડસ્થલ, નાંદિયા વિ. અર્વાચીન તીર્થો છે. રૂજુવાલુકામાં પ્રભુને કેવળજ્ઞાન થયેલ જ્યારે આબુ તળેટીમાં ખરેડીથી ૪ માઈલ દૂર મુંડસ્થળમાં દીક્ષા લીધા બાદ ૬ઠ્ઠા વર્ષે પ્રભુએ પગલા કર્યા હતા. જ્યાં રાજા પુણ્યપાલે પ્રભુને સ્વપ્નનું ફળ પુછેલ ને ત્યાં મંદિર બંધાવેલ જેનો છેલ્લો જીર્ણોદ્ધાર સં. ૧૪૨૬માં થયેલ જે હાલ ખંડિત અવસ્થામાં છે. નાંદિયા એ પ્રભુજીનું વિહાર ભૂમીનું સ્થળ છે.

**પાવાપુરી**-દીવાળીના દિને પ્રભુના પાર્થિવ દેહને દેવોએ અગ્નિદાહ દીધો. બાદ દાઢાદિક લઇ ગયા પણ પવિત્ર અસ્થિ લેવા લોકોએ એવી પડાપડી કરી કે ત્યાં મોટો ખાડો પડી ગયો જ્યાં હાલ જલમંદિર ઉભું છે. પ્રભુના બધુ નંદિવર્ધને દેવવિમાન જેવું મંદિર અને ફરતું ૮૪ વીઘાનું તળાવ બંધાવ્યું. આજ સ્થળે નિર્વાણ પૂર્વે પ્રભુજીએ ઈંદ્રભૂતિ આદિ ૧૧ ગણધરો બનાવેલ જેમણે દ્વાદશાંગી રચેલ. અંતિમ દેશનાના સ્થળે હાલ એક નાનો સ્તુપ છે જ્યાં કુઈ છે. ગામમાં ભવ્ય ચૌમુખજીનું દેરાસર છે. પાવા અને પુરી બે ગામ છે. વચ્ચે એક માઇલનું અંતર છે. જલમંદિરના જીર્ણોદ્ધાર વખતે પાયામાંથી ભારે ઇંટો નીકળેલ પર્વના દિવસે આજે પણ અહિ પાદુકાપર શુદ્ધ હીરાની લાખો રૂા.ની આંગી ચડે છે. બાજુમાં ગૌતમસ્વામી, સુધર્મા સ્વામીની પાદુકા છે. અહિં જળ મંદિરમાં મોટા સર્પો છે જે પુલ ને ઘાટ પર હોવા છતાં કોઇને કરડતા નથી. લોકો સર્પને લોટની ગોળી નાખે છે.

**વૈભારગીરી**-ઈંદ્રભુતિ આદિ ૧૧ ગણધરો અહિં નીર્વાણ પામ્યા છે. પ્રભુના નિર્વાણ પછી ગૌતમ સ્વામી ૧૨ વર્ષે અને સુધર્માસ્વામી ૨૦ વર્ષે નિર્વાણ પામ્યા છે જેની દેરીઓ અહિં છે. ખૂબ જ નયન રમ્ય અને પ્રાચીન આ તીર્થ છે.

**ભદ્રેશ્વર** અહિં પાર્શ્વનાથની મૂર્તિ છે તે સુધર્મા સ્વામીએ પ્રતિષ્ઠિત કરેલ છે. વીર સં. ૨૩ની સાલમાં સંપ્રતી કાળની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા થયેલ. પછી મંદિર જીર્ણ થતાં મૂર્તિ એક બાવાના હાથમાં ગઈ. ઈ. સ. ૧૬૬૨ના જીર્ણોદ્ધાર વખતે બાવાએ તે મૂર્તિ ન આપતાં સં. ૬૨૨માં અંજન થયેલ વિરપ્રભુની મૂર્તિ અહિં પધરાવેલ અને પાછળથી બાવાએ પાર્શ્વનાથની મૂર્તિ આપતા હાલ તે અહિં પાછળની ભમતીમાં છે. છેલ્લે ૧૯૩૯ મહા શુદ ૧૦ના મીઠીબાઇએ જીર્ણોદ્ધાર કરાવેલ છે. ૪૫૦-૩૦૦ના કંપાઉંડમાં ૧૫૦-૮૦-૩૮ના માપના મંદિરમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧૮ થાંભલા છે એવું પ્રાચીન ભવ્ય તીર્થ છે કે અવશ્ય આ તીર્થયાત્રા કરવા જેવી છે. દર્શન કે પૂજા કરતાં મંદિર બહાર નીકળવાનું જાણે મન થતું નથી એવું શીતળતા અર્પનાર ભવ્ય તીર્થ છે.

**મથુરા**–અંતિમ કેવળી જંબુસ્વામી તથા શ્રુતકેવળી પ્રભવ સ્વામીએ ૫૨૭ શિષ્યો સાથે અહિં દીક્ષા લીધી તેની સ્મૃતિમાં ૫૨૭ સ્તુપ અહિં ૧૭મી સદી સુધી હતા વીર સં. ૮૨૭માં આચાર્ય સ્કંદિલાચાર્યે અહિં શ્રી સંઘ સમક્ષ આગમ વાંચના કરેલ ને ૮૪ આગમો લખાયેલ તેની યાદગીરીમાં ૮૪નું મંદિર બન્યું જે હાલ મોજુદ છે અહિં કંકાલી ટીલાના મંદિરમાં મહાવીર પ્રભુનું ગર્ભાપહરણ તથા આમલકી ક્રિડાના સુંદર આકૃતિમય ચિત્રો છે, જે ચિત્રોની શૈલી મનોહર છે

**વલભીપુર**–વીર નિર્વાણ સં. ૯૮૦થી ૯૯૩ સુધી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે ૫૦૦ આચાર્યો સાથે અહિં આગમ લખાવેલ એ દૃષ્ટિએ આ પ્રાચીન જ્ઞાનપીઠ છે. હાલ પણ ગુરૂમંદિરમાં ૫૦૦ આચાર્ય સાથે ગુરૂમંદિર છે જેમાં ગંધર્વવાદિ વેતાલ શ્રી શાંતિશીલસૂરીજી મુખ્ય હતા. આ તીર્થની અવશ્ય મુલાકાત લેવા જેવી છે.

**જગન્નાથપુરી**–ચેટક રાજાના પુત્ર શોભન રાયે અહિં જગતતીર્થમાં પાર્શ્વનાથની મૂર્તિ પધરાવેલ. કાળક્રમે ગ્રેવેના પ્રચારથી તેમના હાથમાં તીર્થ ગયું. અને કહેવાય છે કે મૂર્તિ તે જ રાખી બાહ્ય ચાર હાથ બનાવ્યા જ્યારે ખોળા નીચે તો ધ્યાનસ્થ અવસ્થામાં બે હાથવાળી મૂર્તિ જ છે. આ ખોળું બાર વર્ષે રાજા પુરોહિત અને સુતારની હાજરીમાં બદલાય છે.

**બદ્રી**–ઋષિકેષથી ૧૬૩ માઈલ દૂર આવેલ બદ્રી એ બદ્રીપાર્શ્વનાથ નામે તીર્થ હતું, કિવદંતી મુજબ એક મહંતને સ્વપ્નમાં ૨૪ જિનપ્રતિમા દેખાતા સૂચિત સ્થળેથી પરિકરવાલી પ્રતિમા મળી આવતા તેને બદ્રીમાં સ્થાપી. આ મંદિરનો ગભારો દરવાજો, ગુઢમંડપ, રંગમંડપ વિ. જૈન શૈલીના છે. મંદિરમાં ઘંટાકર્ણ મહાવીર ક્ષેત્રપાળ છે જેની પ્રતિમા પટાંગણમાં ૨॥ ફુટ ઉંચી છે. બદ્રીથી ૧૦૫ માઈલ દૂર કેદાર પાર્શ્વનાથનું તીર્થ હતું જે પાર્શ્વનાથના શાસનકાળનું હોવાનું મનાય છે.

**તક્ષશિલા**–અહિં બાહુબલીએ ઋષભદેવ પ્રભુના ધ્યાનના સ્થળે ધર્મચક્ર તીર્થ સ્થાપેલ. સંપ્રતિ રાજાએ પોતાના પિતાના સ્મરણાર્થે જિન વિહાર કરેલ જેના ખંડેર છે.

**અવંતી પાર્શ્વનાથ**-પ્રસિદ્ધ ભક્તામરની રચનાથી સિદ્ધસેન દિવાકરસૂરીજીએ અહિં શિવલીંગમાંથી પાર્શ્વનાથ પ્રગટ કરેલ જે હાલ અવંતી પાર્શ્વનાથ નામે ઓળખાય છે.

**થિરાપ્રદ**–વોરા કુટુંબના કુળદેવી ઝંકારદેવીનું જ્યાં સ્થાનક છે તે બનાસકાંઠાનું હાલ થરાદ ગામ સં. ૧૦૧માં સોલંકી પરમારની બહેન હરકુરે ૧૪૪૪ થાંભલાવાળું બાવન જિનાલયયુક્ત જિન મંદિર બંધાવેલ જેના ખંડેરો આજે પણ ૭૫ ફુટમાં પથરાયેલ છે. સં. ૧૩૬માં અહિં ૩૧ ઈંચની અજિતનાથની સર્વ ધાતુની મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલ છે જે હાલ છે. અહિં ચંદ્રકુલના આચાર્ય વટેશ્વરસૂરિથી થિરાપ્રદ ગચ્છ શરૂ થયેલ છે. આજે અહિં ૧૦ જિનાલય છે. જૈનોની વસ્તી પણ ઠીક છે.

**ભીન્નમાલ**–વીર સં. ૭૦માં અહિં શ્રીમાળી વંશ શરૂ થયો તેથી તેને શ્રીમાલપુર કહે છે. વીર સં. ૮૪૫માં વલભી ભાંગતા દૈવી પ્રભાવથી ચંદ્રપ્રભુની મૂર્તિ અંબિકા ક્ષેત્રપાલયુક્ત મહાવીર પ્રભુની મુર્તિ સ્થાપેલ જે હાલ વિદ્યમાન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્રિ વે ણી

## (પ્રભુ મહાવીરના જીવનના ત્રણ પ્રસંગો)

લેખક : કુમારપાળ દેસાઈ

**ક્રોધ પર વિજય :**

ભગવાન મહાવીરના આગમને સમૃદ્ધ વૈશાલી નગરી આનંદ અને ઉલ્લાસમાં હિલોળા લેવા લાગી.

કુમાર વર્ધમાન મહાન યોગી બનીને પોતાના વતનમાં પધાર્યા હતા. ઠેર ઠેર તોરણો બંધાયા હતાં. રંગ–બેરંગી ધજાઓ ફરકતી હતી. નગરજનોનાં હૈયામાં આનંદની છોળો ઉછળવા લાગી. ઊંચા–ઊંચા મહેલોમાં વસતા વૈભવશાળી શ્રેષ્ઠીઓ પ્રભુને પોતાને ત્યાં પધારવા વિનવતા હતા. ગગનચુંબી પ્રાસાદોમાં રહેતા રાજપુરૂષો ભગવાનનાં પગલાંથી પોતાનો આવાસ પાવન કરાવવા ઈચ્છતા હતા. બધા વિચારે કે પ્રભુ કોના પ્રાસાદમાં ઉતારો રાખશે? કોની હવેલીને પોતાનું સ્થાન બનાવશે? કોને આ પુણ્યફળ સાંપડશે?

મહાવીરને તો ઊંચી હવેલી કે તૂટી ઝૂંપડી સરખા હતા. અમીર ને ગરીબ એક હતા. ધનિક ને નિર્ધન સમાન હતા. એમને તો કોઈને અગવડ ન થાય, મોહ–માયાનું બંધન આડે ન આવે એવા કોઈ સ્થાને રહેવું હતું!

આખરે એક લુહારના નિર્જન ડેલા પર પસંદગી ઉતારી. બિમાર લુહાર હવાફેર માટે બીજે રહેવા ગયો હતો. સ્થળ શાંત હતું. ધ્યાનને યોગ્ય હતું. વળી પોતાનાથી કોઈને અગવડ પડે તેમ ન હતું. કોઈ હવેલી કે પ્રાસાદને બદલે લુહારની કોઢને ઉતારો બનાવ્યો.

સંજોગવશાત્ બહારગામ ગયેલો લુહાર સાજો થઈને પાછો આવ્યો. એણે જોયું તો પોતાના મકાનમાં કોઈ સાધુ જગ્યા જમાવી બેઠેલા! મનમાં માન્યું કે નક્કી પોતાની ગેરહાજરીમાં કોઈ મૂંડિયાએ જગ્યા પચાવી પાડી! "સબ ભૂમિ ગોપાલકી" માનનારે આ ભૂમિ પોતાની કહી લીધી.

લાંબી બિમારીમાંથી ઊઠીને આવ્યો હતો. એમાંય આવતાવેંત આ સાધુને જોતાં જ એના ગુસ્સાનો પાર ન રહ્યો. માંડ મોતના મુખમાંથી બચીને ઘેર આવ્યો. ત્યાં વળી ઘરમાં પગ મૂકતાં જ આવા ઢોંગી–ધૂતારાના અપશુકન થયા!

ક્રોધ અવિચારી છે. ક્રોધી આંધળો છે. અંધ માનવી પોતે જોઈ શકતો નથી પણ પોતે શું કરે છે એ જાણે છે ખરો. જ્યારે ક્રોધથી અંધ તો પોતે શું કરે છે, એય જાણતો નથી!

ક્રોધથી ધૂંવાકુંવા થયેલા લુહારે વજનદાર ઘણ ઉપાડ્યો. એવા જોરથી માથા પર લગાવું કે પળવારમાં સોએ વરસ પૂરાં થઈ જાય! કોઈએ લુહારને રોક્યોય ખરો! સાધુની હત્યાના મહાપાતકની યાદ આપી. કોઈએ એને સમજાવવા કોશિશ કરી તો કોઈએ શાંત પાડવા પ્રયત્ન કર્યો, પણ આનાથી તો કમજોર લુહારનો ક્રોધ ઓર વધી ગયો.

જીવ સટોસટનો મામલો રચાઈ ગયો! લુહાર વજનદાર ઘણ ઉપાડીને વીંઝવા તૈયાર થયો. મહાવીર તો એમને એમ અડગ ઊભા હતા. ન ક્યાંય ભય, ન સહેજે કંપ. સમભાવપૂર્વક અચળ મેરુની જેમ ધ્યાનમાં મગ્ન હતા.

યોગીની શાંતિએ લુહારને વધુ ઉશ્કેર્યો. એણે જોશથી ઘણ વીંઝ્યો. હમણાં ઘણ વાગશે, યોગીની કાયા ઢળી પડશે!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ આ શું ?

ક્રોધથી ધુંધવાતા અને ધ્રુજતા હાથે લુહાર ઘણ વીંઝવા ગયો. દાઝ એટલી હતી કે અહીં અને અબઘડી જ આને ખતમ કરી નાખું. ઘણ ઉંચકીને વીંઝવા ગયો, ત્યાં જ લુહારનો હાથ છટક્યો. ઘણ સામે વીંઝાવાને બદલે પાછો પડ્યો. યોગીના મસ્તકને બદલે લુહારનાં મસ્તક પર ઝીંકાયો. બિમારીમાંથી માંડ બચેલો લુહાર તત્કાળ ક્રોધનો કોળિયો બની ગયો. બીજાનો નાશ કરવા જનાર ક્રોધી પોતાનો વિનાશ કરી બેઠો !

ધ્યાનસ્થ મહાવીર તો એમને એમ અડગ ઊભા હતા !

આમ જૈન ધર્મ કહે છે કે અભય સામે ભય નિર્બળ છે. જે બીતો નથી, બિવરાવતો નથી, એ વીર છે ! દૂધથી ભરેલા ઘડામાં જેમ વિષનું એક જ ટીપું તેમ ક્રોધ જીવનની સર્વ સંપત્તિનો વિનાશ નોતરે છે. પર્યુષણ પર્વના આ પવિત્ર દિવસે હૃદયમાંથી ક્રોધને હાંકી કાઢીએ. પોતાનાથી નિમ્ન માણસો પર ક્રોધ કરવો તે મદાંધતા છે. ધાર્યું ન થતાં ગુસ્સો કરવો એ નિર્બળતા છે. અહિત કરનાર પર અકળાઈ જવું એ અસહિષ્ણુતા છે.

ભગવાન મહાવીરની એ વાણી યાદ કરીએ :

"શાંતિના ગુણોને કેળવીને ક્રોધને હણવો, મૃદુતાના ગુણને કેળવીને અહંકારને જીતવો, સરળતાના ગુણને કેળવીને કપટને જીતવું અને સંતોષના ગુણને કેળવીને લોભ ઉપર જય મેળવવો."

*

**તૃષ્ણા અને તપ :**

ભગવાન મહાવીર પોતાના શિષ્યસમુદાય સાથે વિહાર કરતાં રાજગૃહમાં પધાર્યા. મહારાજ શ્રેણિકને ખબર મળતાં જ તરત ભગવાનની વંદના માટે ચાલી નીકળ્યા. શ્રેણિકની સવારીની આગળ બે સિપાહી ચાલે. એક સુમુખ. એના મુખેથી સદાય મનોહર વાણી વહે. બીજો દુર્મુખ. સદાય વાંકું જુએ ને વાંકું જ બોલે !

આ બંનેએ મહાવીરના સમુદાયમાં રહીને ઉગ્ર તપશ્ચર્યા કરતા પ્રસન્નચંદ્ર રાજાને જોયા. એક પગે ઊભા હતા. બે હાથ ઊંચે રાખ્યા હતા. આવી આકરી તપસ્યા જોઈને સુમુખથી આપો-આપ બોલાઈ ગયું. "વાહ ! આવી સાધના કરનારને તો મોક્ષગતિ સહજ છે !"

દુર્મુખથી આવી સારી વાણી ખમાઈ નહીં. એની દોષદૃષ્ટિને દોષ જોયા વિના ચેન ન પડે. એણે કહ્યું : "અલ્યા સુમુખ ! સાચી વાત જાણ્યા વગર હાંકે રાખવાની તને ભારે આદત છે આ પોતાનપુરનો રાજા પ્રસન્નચંદ્ર કેવો ? રાજની વિશાળ જવાબદારી પોતાના બાળકને ગળે વળગાડીને જંગલમાં નીકળી પડ્યા. મોટાં ગાડાંને વાછડું બાંધે એવો ઘાટ કર્યો. હવે એના મંત્રી વિરોધી રાજવીને મારીને રાજકુમારને પદભ્રષ્ટ કરવાના છે. આની રાણીઓ ક્યાંય ભાગી ગઈ છે. કહે, આવા પાખંડીને તો જોઈએ તોય પાપ લાગે ને !"

મહારાજ શ્રેણિકે કઠણ તપસ્યા કરતાં પ્રસન્નચંદ્ર મુનિને વિનયપૂર્વક વંદના કરી. શ્રેણિક મનમાં વિચારે છે કે કેવા પૂર્ણ ધ્યાનમાં ડૂબી ગયા છે આ રાજર્ષિ ! ધન્ય છે આટલું આકરું તપ કરનારા તપસ્વીને ! મહારાજ શ્રેણિક ભગવાન પાસે આવ્યા.

પેલા દુર્મુખની વાત પ્રસન્નચંદ્ર મુનિના કાને પડી હતી. પોતાના રાજની અવદશા સાંભળતા જ ધ્યાનભંગ થયો. જે મોહ–માયા તજીને મહાવીરને શરણે આવ્યા હતા એ મોહ-માયા અંતરમાં ઘૂમરાવા લાગી. રાજ યાદ આવ્યું. રાણી પણ યાદ આવી. રાજકુમાર સાંભર્યો. મનોમન વિચારવા લાગ્યા ! ધિક્કાર છે મારા નિમકહરામ મંત્રીઓને ! મેં સદા એમને કુલની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીઠે પ્રેમથી રાખ્યા, બદલામાં મને દગલબાજીના કાંટા ચૂભાવવા તૈયાર થયા છે. મારા પુત્ર સાથે આવું છળકપટ! જો અત્યારે હું રાજમાં હોત તો, એકેએક મંત્રીને સીધા દોર કરી નાખત.

મુનિ પ્રસન્નચંદ્ર આ વિચારના સાગરમાં વધુને વધુ ઊંડે ઉતરવા લાગ્યા. બહાર શાંતિ, અંદર તોફાન. બહાર તપ, અંદર સંતાપ. વેશ મુનિનો રહ્યો પણ વેદના રાજાની થવા લાગી. પછી તો પોતાને રાજાના રૂપમાં જોતા પ્રસન્નચંદ્ર મનોમન મંત્રીઓ સાથે યુદ્ધ કરવા થનગની રહ્યાં.

આ સમયે પ્રસન્નચંદ્રના આકરા તપથી પ્રભાવિત થયેલા મહારાજ શ્રેણિકે ભગવાન મહાવીરને પૂછયું, "ભગવન્! અત્યારે પ્રસન્નચંદ્ર ધ્યાનની પરાકોટિએ છે. કદાચ આ સમયે તેમનું મૃત્યુ થાય તો કેવી ગતિ થાય?"

ભગવાને કહ્યું, "સાતમી નરકમાં જાય."

ભગવાનના ઉત્તરથી શ્રેણિક વિચારમાં પડી ગયા. અરે! સાધુને નરકની ગતિ હોય જ નહિ. પછી પ્રસન્નચંદ્ર મુનિની આવી દશા થાય જ કેવી રીતે? શ્રેણિકે માન્યું કે કદાચ પ્રભુ એમની વાતને બરાબર સમજ્યા નહિ હોય.

થોડા સમય બાદ ફરી શ્રેણિકે ભગવાનને એ જ પ્રશ્ન કર્યો, "હે પ્રભુ! આ પ્રસન્નચંદ્ર મુનિનો અત્યારે દેહાંત થાય તો તેઓ કઈ ગતિ પામે?"

ભગવાને કહ્યું, "ઉત્તમોત્તમ દેવગતિને!"

શ્રેણિકના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે પૂછયું, "ભગવાન! માત્ર થોડા જ સમયના અંતરમાં આપે બે તદ્દન ભિન્ન ભિન્ન વાત કરી, એમ કેમ?"

ભગવાને ઉત્તર આપ્યો, "રાજન્! પ્રથમ વાર તમે પૂછયું ત્યારે પ્રસન્નચંદ્ર દુર્મુખની વાતથી મનમાં ક્રોધથી ધૂંધવાતા હતા. પોતાના મંત્રીઓ પર વેર વાળવા તલસી રહ્યા હતા. એ સમયે હૃદયમાં રાજ માટે તુમુલ યુદ્ધ લડી રહેલા પ્રસન્નચંદ્ર નરકની ગતિ પામે તેમ હતા. પણ પછી તરત જ તે સ્વસ્થ થઈ ગયા પોતાના ઘોર માનસિક અપરાધનો ખ્યાલ આવ્યો. બસ, પછી પ્રસન્નચંદ્ર પશ્ચાત્તાપ કરવા જ લાગ્યા. હૃદયમાં ઊંડે ઉતરીને પશ્ચાત્તાપ કરવા માંડ્યા. જ્ઞાની પ્રસન્નચંદ્રે મલિન વિચારોને હૃદયમાંથી હાંકી કાઢીને ધ્યાનમાં સ્થિરતા મેળવી. ઉચ્ચ ગતિને યોગ્ય બની ગયા. બરાબર આ જ સમયે તમે મને બીજી વાર પ્રશ્ન કર્યો, ને તેથી મેં ઉત્તમોત્તમ દેવગતિ પામશે એમ જણાવ્યું."

એવામાં દુંદુભિનાદ સંભળાયો. ભગવાને શ્રેણિકને કહ્યું, "રાજન્! જુઓ! ઉત્કટ પસ્તાવાને કારણે પ્રસન્નચંદ્રને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. થોડી વારે વળી ભગવાને શ્રેણિકને કહ્યું કે મુનિ પ્રસન્નચંદ્ર મોક્ષગતિને પામ્યા છે.

આમ જૈન ધર્મ બતાવે છે કે માત્ર બાહ્ય તપ કરે કંઈ નહીં મળે. જગતને જેટલી જરૂર બાહ્ય સ્નાનની છે એથી ય વિશેષ જરૂર અંતર સ્નાનની છે, જેટલી બાહ્ય સમૃદ્ધિની છે એથી ય વધુ અંતરના સદ્ગુણોની છે. અંતરનો મેલ જ્યાં લગી ધોવાશે નહીં ત્યાં સુધી સઘળું એળે જશે. જે તપ કરે છે તે નમ્ર બને છે. જે તપ કરે છે તે ત્યાગી બને છે. મોટાઈ, નિર્બળતા અને માનની લાગણીથી એ કેટલાય જોજન દૂર હોય છે. સાચું તપ કરનારની એક ક્ષતિ તેની ગતિ કેવી કરે છે તે પ્રસન્નચંદ્ર મુનિના દૃષ્ટાંતમાં જોવા મળશે.

ભગવાન મહાવીરની એ વાણી યાદ કરીએ. "બગલી ઈંડામાંથી જન્મે છે. ઈંડા બગલીમાંથી જન્મે છે, એમ તૃષ્ણા મોહની માતા છે. મોહ તૃષ્ણાનો પિતા છે."

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સાધના સૌથી મહાન :**

કાળને કાંઠે બોંતેર વર્ષનું આયુષ્ય એટલે શું ? પણ જેના જીવનમાં પળનો પણ પ્રમાદ નથી, એનું એક વર્ષ પણ એક હજાર વર્ષ જેટલું મહત્ત્વનું છે. ભગવાન મહાવીરના નિર્વાણ સમયની માહિતી મળતાં પાવાપુરીના ઘર ઘરમાં શોકની છાયા ફરી વળી. બાર–બાર વર્ષના મૌન પછી હમણાં જ એ ઉદ્ધારક વાણી વરસી હતી. બસો–પાંચસો નહીં. સો-બસો નહીં, પોણોસોય નહીં, માત્ર બોંતેર વર્ષ થયાં ને ભગવાન મુક્તિ આડે રહેલું દેહનું બંધન છોડવાની વાત કરે છે ! ગમે તેટલી મધુર ચાંદની હોય, પણ રાત તે તો રાત જ કહેવાય ને ?

ભક્તજનો ભગવાનની આસપાસ વીંટળાઇને બેઠા હતા. ઋષિ મુનિઓ મધુર શંખ વગાડતા હતા. દેવોના સ્વામી ઇંદ્ર મૃત્યુ ઉત્સવની મંગલ રચના કરતા હતા. પણ ભગવાનની અલૌકિક દેહછબી અને પવિત્ર વાણી પ્રત્યક્ષ નહીં મળે, એનો શોક તો દેવ કે માનવ સહુના હૃદયમાં ખળભળી રહ્યો હતો. ઇંદ્રિરાજને ય થયું કે ભગવાન પોતાની નિર્વાણ ઘડી થોડો સમય પાછી ઠેલે, તો પછી વળી આગળ ઉપર જોઇ લેવાશે. અણી ચૂકયો સો વરસ જીવે. વીતેલી ઘડી ફરી પાછી આવતાં ય વિલંબ લાગે.

દેવરાજ ઇંદ્રે ભગવાનને પ્રશ્ન કર્યો.

"પ્રભુ, આપના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં થયા હતા. જ્યારે અત્યારે તો નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાંત થાય છે.

ભગવાન મહાવીરે હકારમાં માથું હલાવ્યું.

ઇંદ્રરાજે વાત આગળ ચલાવી. "પ્રભુ ! આ નક્ષત્ર અશુભ ભાવિનો સંકેત કરનારૂં છે, માટે આપ આપની નિર્વાણ ઘડી થોડી વાર લંબાવી દો તો ? સમર્થ, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન આપને માટે તો આ સાવ આસાન છે."

મહાવીર ઇંદ્રના મોહને પારખી ગયા. એમણે કહ્યું, "ઇંદ્રરાજ, મારા દેહ પ્રત્યેનો તમારો મોહ તમને આવું બોલાવી રહ્યો છે. જન્મનું કારણ, દેહનું કાર્ય અને જીવનનો હેતુ પૂરાં થયાં છે. હવે આયુષ્યની એક ક્ષણ તો શું પણ ક્ષણનો એક કણ પણ બોજારૂપ બને છે."

કેટલાક અંદરોઅંદર મનમાં ગાંઠ વાળીને બેઠા હતા કે ભગવાન ગમે તે કહે, પણ હમણાં નિર્વાણ નહીં સ્વીકારે. મહાવીરના પરમ શિષ્ય મહર્ષિ ગૌતમ ધર્મબોધ આપવા બીજે સ્થળે ગયા હતા. પોતાના પરમ શિષ્યની ગેરહાજરીમાં તે ભગવાન કંઈ વિદાય લેતા હશે ? પરંતુ પ્રભુ તો સૂક્ષ્મ કાયયોગ રૂંધીને નિર્વાણ પામ્યા.

ભગવાનના નિર્વાણના સમાચાર મળતાં જ જ્ઞાની ગૌતમ અનરાધાર રડી રહ્યા. ભલભલા કઠણ હૃદયના પિગળી જાય, એવો એમનો વિલાપ હતો. અજ્ઞાનીને સમજાવવો આસાન પણ આ તો મહાજ્ઞાનીનો શોક. ઇંદ્રિરાજ પણ શાંત કેમ પાડવા તે અંગે મૂંઝાઈ ગયા.

એવામાં એકાએક જ્ઞાની ગૌતમના મુખ પર રૂદન બદલે હાસ્ય પ્રગટયું. વિષાદને સ્થાને આનંદ છવાઇ ગયો. ઇન્દ્રથી આ પરિવર્તન પરખાયું નહિ. જ્ઞાની ગોતમ બોલ્યા:–

"ઓહ ! ભગવાને મને જીવનથી જે જ્ઞાન આપ્યું, એથી વિશેષ એમના નિર્વાણથી આપ્યું. મને ઘણીવાર કહેતા કે નિરાલંબ બન. આલંબન માત્ર છોડી દે. આંતરદુનિયા તરફ જા. ત્યાં ન કોઇ ગુરૂ છે, ન કોઈ શિષ્ય પણ એ વેળા ભગવાનના દેહ પર મારું મમત્વ હતું. આત્મિક પૂજાને બદલે દેહપૂજા આદિ હતી. આથી જ નિર્વાણવેળાએ મને અળગો રાખીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાને સમજાવ્યું કે ગૌતમ, સ્નેહ કરતાં સાધના ઘણી ચડિયાતી છે.”

આજે વિચારવાનું એ છે કે ધર્મના સિદ્ધાંતોને સમજીને સચ્ચાઈથી આચરીએ છીએ કે માત્ર બાહ્ય આચારમાં, હોંસાતુંસીમાં અને માન મૂર્તિની માયામાં પડ્યા છીએ. માત્ર આઠ દિવસના શુદ્ધ વ્યવહારમાં નહિ ચાલે. ધર્મ તો હૃદયમાં ને જીવનની પળેપળમાં ઉતરવો જોઈએ મન શુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિમાં પ્રગટવો જોઈએ.

આજે તો જીવમાત્રની મૈત્રી કેળવવાના આ આત્મધર્મનું ઘરેણું બનાવી બેઠા. એની સુગંધ પ્રસરાવાનું ભૂલી ગયા. ભગવાન મહાવીરના સિદ્ધાંતો પર ચાલનારો જ સાચો ત્યાગી છે સાચો સાધક છે. સાચો તપસ્વી છે. ને એ જ સાચો જૈન છે.

ભગવાન મહાવીરની એ વાણીને યાદ કરીએ.

“જેની કામનાઓ તીવ્ર છે, તે મૃત્યુથી વીંટળાયેલો રહે છે અને જે મૃત્યુથી વીંટળાયેલો હોય છે તે શાશ્વત સુખથી દૂર રહે છે. પણ જેની કામનાઓ દૂર થઈ ગઈ છે એ ન મૃત્યુથી ઘેરાય છે અને ન શાશ્વત સુખથી દૂર રહે છે.

“બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે.”

લોખંડના

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટા તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન


ફોન — ઓફીસ ૫૬૫૦, ૩૨૧૯ — રેસીડન્સ ૪૫૫૭, ૫૫૨૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક
## સમૃદ્ધિ ડિપોઝિટ યોજના
### હેઠળ આપનાં નાણાં મહિને મહિને વધુ ઝડપથી વધતાં જ રહે છે.



**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯, ૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.**

આપના જીવન પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. દેના બેંકની સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની આ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૧૧.૧૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી દેના બેંક શાખાની મુલાકાત લો.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)

હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ,

મુંબઈ ૪૦૦૦૨૩

RAYAN BATRA/DB/G/288


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મલાભ

## ભગવાન મહાવીર અને સુલસા

લે. મણીભાઈ વનમાળીદાસ શેઠ B A.

"અંબડ! રાજગૃહી તરફ જતા હો તો સુલસાને મારા ધર્મલાભ પહોંચાડજો" અંબડ પરિવ્રાજકને ઉદ્દેશીને પ્રભુ બોલ્યા.

અંબડ તો આ સાંભળીને સજ્જડ થઈ ગયો, થંભી ગયો. રાજગૃહી અને માત્ર સુલસા! મમતાના ત્યાગનો આ કેવો પક્ષપાત! રાજગૃહીમાં શ્રાવક શ્રાવિકાઓ તો પાર વગરના હતા. ખુદ શ્રેણિક કે અભયકુમાર, ચેલણા કે ભદ્રાને નહિં અને એકલી સુલસાને જ સંભારીને ધર્મલાભ જેવા મહામૂલો આશીર્વાદ કેમ પાઠવ્યો? સુલસાએ એવા તે કયા મહાન પુણ્ય સંઘર્યા હતા!

પ્રભુ મહાવીરની કૃપાદૃષ્ટિ માટે મોટા મોટા મહાંધાતા અને ચક્રવર્તીઓ, રાજાધિરાજો અને તપસ્વીઓ તલસતા હોય તો પછી ધર્મલાભ જેવી આશિષ માટે તો પુછવું જ શું? સુલસા એવી કોઈ મહા તપસ્વિની નહોતી, સુલસા એવી કોઈ વિદુષી નહોતી. હતી તો માત્ર એક સાર્થ પત્ની શ્રાવિકા છતાં આટલે દૂરથી યાદ કરી પરિવ્રાજક મારફત ધર્મલાભ જેવા આશીર્વચન મોકલે એ ઇતિહાસમાં નાની સુની ઘટના ન કહેવાય.

અંબડને શંકા થાય એ સ્વાભાવિક હતું, કારણ કે સુલસા એક સામાન્ય ગૃહિણી હતી, પરંતુ સુલસા એક મહાન શક્તિશાલિની હતી અને એ જ એની વિશિષ્ટતા. વિવેકશક્તિ અને શ્રદ્ધા સુલસામાં સંગમ પામ્યા હતા; જાણે એ મહા નદીઓના પુર એકી સાથે સુલસાના સાગર સમા અંતરમાં જઇને સમાઈ જતા હતા; સુલસાનો દોર અતૂટ હતો. શ્રદ્ધા અને વિવેકના બળે જ ભગવાન મહાવીરના અંતરનો એક ઉજળો ખૂણો સુલસા પ્રાપ્ત કરવા સદ્ભાગી બની હતી. રાજગૃહી પહોંચ્યા પછી અંબડને વિચાર આવ્યો કે સાચોસાચ ધર્મલાભ સંભળાવવાથી પુરો રંગ નહિ જામે. મારે તો સુલસાના અંતરનું પારખું કરવું છે કે કઈ એવી તાકાતના બળે ભગવાન મહાવીરની આટલી નિકટ આવી.

અંબડ પહેલાં શ્રાવક હતો એટલે જૈન મુનિના વેષ અને વાણીથી થોડો ઘણો પરિચિત હતો. રાજગૃહી પહોંચીને જૈન મુનિનો સ્વાંગ સજ્યો, સીધો પહોંચ્યો સુલસાના આંગણામાં. સહજભાવે સુલસાએ મુનિને સત્કાર્યા પરંતુ પરિવ્રાજકે કોઈ એવી જ માગણી મુકી કે સુલસા કંઈ જ બોલ્યા વગર પાછી ફરી ગઇ. અંબડને ખાત્રી થઈ કે સુલસા માત્ર શ્રદ્ધાનો ઢગલો નથી, માત્ર વેશપૂજક પણ નથી, મુનિનું સત્વ બરાબર પારખી શકે છે.

અંબડે બીજો દાવ ફેંકવાનું નક્કી કર્યું. ભલભલા માણસો ચમત્કારમાં મોહાઈ પડે તો એક સામાન્ય નારીનું શું ગજું?

અંબડે પ્રથમ સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ ધર્યું. અહો હો! સાક્ષાત્ બ્રહ્મા પોતે પૃથ્વી ઉપર પધાર્યા એમ જાણ્યા પછી ગામ ગાંડુ બને એમાં પુછવાનું શું હોય! હજારો નરનારીઓને મસ્તકો નમાવતા અંબડે નિહાળ્યા પરંતુ એ સમુદાયમાં સુલસાને ન જોઈ. અરેરે! જેને ખેંચવા માટે દાવ ફેંક્યો એ દાવ તદ્દન નિષ્ફળ ગયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફીકર નહિ. અંબડે હવે કૃષ્ણલીલા ભજવવી શરૂ કરી. લોકો કૃષ્ણના નામ પાછળ ગાંડાતુર આખું રાજગૃહી હીલોળે ચડ્યુ. પરંતુ કઇક પાડોશીના કહેવા છતાં સુલસા ન ડગી તે ન જ ડગી અને અંબડ બીજી વાર બાજીમાં હારી ગયો.

ત્રીજી વાર અંબડ પરિવ્રાજકે વિશ્વના સરજનહારનો અભિનય ભજવ્યો. એ અભિનય જોવા ટોળે ટોળા ઉમટ્યા, એક માત્ર સુલસા ન આવી. અંબડને જ્યારે ખાત્રી થઇ કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવ–દેવીઓના દર્શને સુલસા નહિં જ આવે એટલે અંબડે સાક્ષાત્ તીર્થંકરનો વેશ ભજવી લેવાનો નિશ્ચય કર્યો

ચોથે દિવસે રાજગૃહીની ઉત્તર દીશામાં તીર્થંકર ભગવાનને છાજે એવું આબાદ સમવસરણ રચ્યું, અને પોતે પચીસમો તીર્થંકર છે એવી વાત વહેતી મુકી. તીર્થંકર પરમાત્માના દર્શન કરવા શ્રાવક શ્રાવિકાઓના ટોળાં ચાલી નીકળશે અને સુલસાના કાને એ વાત આવતાં હજાર કામ પડતાં મુકી હાજર સમજો.

સુલસાના કાને એ વાત જરૂર પહોંચી પણ એક જ ક્ષણમાં નક્કી કરી લીધું કે આ તીર્થંકર હોવાનો દાવો કરનાર મહા ધૂર્ત, ઠગ હોવો જોઇએ. જૈન શાસ્ત્રમાં પચીશમા તીર્થંકર સંભળાતા જ નથી. મેરૂ સમાન અચળ શ્રદ્ધાને અંબડ ડગાવી ન શક્યો અને છેવટે પણ સજ્જડ હાર ખાધી.

નિષ્ફળ અખતરાના પરિણામે અંબડ દીવા જેવું જોઈ શક્યો બીજી હજારો લાખો સ્ત્રીઓમાં પણ એક અસાધારણ નારી છે લોકપરંપરા કે કુતુહલથી આકર્ષાઇને તણુઅલાની જેમ નાચવા માંડે એમાંની આ નહિં, ભગવાન મહાવીરના હ્રદયના ખૂણામાં સ્થાન મેળવ્યું છે તો ખરેખર અધિકારની રૂએ જ પ્રાપ્ત કર્યું છે.

તમામ દાવમાં હારેલો અંબડ હવે એક શ્રાવક તરીકે સુલસાને ત્યાં ગયો સુલસા નજીક પહોંચી બે હાથ જોડી નમસ્કાર કર્યાં, જાણે કે ઘણા દિવસે પોતાના ધર્મભાઇને મળતી હોય તેમ પુરા વિનય અને ઉલ્લાસ સાથે કુશળ સમાચાર પૂછ્યા. હવે અંબડે સંતાડી રાખેલ ખરી હકીકત સુલસા સામે રજુ કરી તીર્થયાત્રા કરતો કરતો ચંપાપુરીમાં જઈ ચડ્યો. ભગવાન મહાવીરની અમૃતવાણી સાંભળી હું અહીં આવવાનો છું એમ જાણીને "અંબડ! રાજગૃહી જતા હો તો સુલસાને મારા ધર્મલાભ પહોંચાડજો" આ સંદેશો પહોંચાડવા તમારી પાસે આવ્યો છું. સુલસા!

ભગવાન મહાવીરનું નામ સાંભળતાં જ સુલસાના અંગે અંગમાં આનંદની ઝણઝણાટી વ્યાપી ગઈ; મનમાં ને મનમાં જ એ ભગવાનના શક્તિ સામર્થ્ય અને લોકોપકારની સ્તુતિ કરવા લાગી.

પાણી ભરીને આવતી સખીઓ કલ્લોલ કરતી, વાતો કરતી હોય છતાં જેમ ચિત તો પાણીના બેઢા તરફ જ હોય તેમ સુલસા ભગવાન મહાવીરના ચિંતનમાં જ અહોરાત્ર જીવતી સુલસાના આત્માના પરમાણુમાંથી કોઇ નિચોડ કાઢવા મથે તો ભગવાન મહાવીર સિવાય બીજું કાંઈ જ ન નીકળે.

ભગવાન પાસેથી ધર્મલાભ લઇ આવનાર અંબડનું સગા સહોદર કરતાં અધિકું આતિથ્ય કર્યું. અંબડને હવે જણાતું કે ભગવાન પ્રત્યે જે બાઈ આટલી નિષ્ઠા, આટલી શ્રદ્ધા ધરાવે છે તેને ભગવાન અંતરમાં જો સ્થાન ન આપે તો એ ભગવાનની વિશિષ્ટતા ક્યાં રહી!

સુલસાનો પતિ નાગ રથિક સુલસા પ્રત્યે અનન્ય સ્નેહ ધરાવતો છતાં વખત જતાં સંસારફળ સંતતિ નહિ થતાં સુલસાએ સારથિને ફરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લગ્ન કરવા આગ્રહ કર્યો પરંતુ એક પત્નીવૃત પામનાર નાગ પોતાના વૃત્તમાં અડગ રહ્યો. સારથિને પુત્રની વાંછા તો હતી જ, પરંતુ સુલસા જેવી નારીને દુભવવા નહોતો માગતો. પાડોશીને ત્યાં બાળકોને કલ્લોલ કરતાં જોતો અને પોતાનું આંગણું સાવ સુનુ જોતો ત્યારે નાગનું મન ઉદાસ થઈ જતું. સુલસા પતિનું દુઃખ સમજતી હોવા છતાં ન કોઈને કહેવાય અને ન સહેવાય એવી ઉભયની સ્થિતિ હતી.

નાગ રથિક મહારાજા બિંબિસારનો માનીતો સારથિ હતો. આવો બહાદુર, રાજમાન્ય રૂપશીલ પતિ જ્યારે બહારથી ઘેર આવતો ત્યારે ઉંડી વ્યથા અનુભવતો હોય તેમ ગમગીન બની જતો. શાણી સુલસા સમજાવતી. "સંતતિ હોવી ન હોવી એ ભાગ્યાધીન વસ્તુ છે, એ માટે શોક કરવો એ નરી નબળાઈ છે, ભલા ! પુત્ર કે પુત્રી થોડા જ સ્વર્ગે પહોંચાડવાના હતા અને પુત્ર પુત્રી હોય તો જ કુળ કે વંશની આબરૂ જળવાય એવો કંઈ નિયમ નથી."

અપુત્રકની સદ્ગતિ કેમ સંભવે ! પાછળ શ્રાદ્ધ કોણ કરે ! પુત્ર ન હોય તો પરંપરા ક્યાંથી ચાલે ! આવા તુક્કાઓએ સારથિના મન ઉપર ઘેરી વિશાદની છાયા બીછાવી હતી.

સુલસા વળી પાછો સમજાવવાનો પ્રયાસ કરતી. બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તિને આ ભવમાં અંધાપો આવ્યો તો પણ પુત્ર પરિવાર બચાવી શક્યો નહિ તો બીજા લોકમાં પુત્રો માતાપિતાને બચાવે એ શું સંભવિત છે ? જાણતા નથી કે ધૃતરાષ્ટ્રના પુત્રોએ અંદર અંદર લડી લડીને કુળનું નખ્ખોદ વાળી નાખ્યું ! અરે રાવણ જેવા લંપટ પુરૂષે તો આખા રાક્ષસવંશને કલંકીત કરી મૂક્યો.

રથિક સાદો સીધો આવી ધર્મની ઊંડી વાતો સમજે નહિં. એને મન પુત્ર પરિવારની જરૂર હતી. ઉભરાતો વાત્સલ્યભાવ ઠલવવાનું એને મન બીજું સ્થાન નહોતું.

એવામાં બે સાધુ પુરૂષો ગૌચરી કરતાં સુલસાના આંગણામાં આવી ઊભા. અતિથિ સંવિભાગ વૃત્ત આચરતી સુલસા રોજ અતિથિની આકાંક્ષા રાખતી. પોતાના ઘર માટે તૈયાર થયેલ ભોજનમાં અતિથિનો પ્રથમ હક છે એમ એ માનતી. સુયોગ્ય મુનિઓને વહોરાવી પછી જે બાકી રહે તે જ પોતાના માટે ઉચિત આહાર છે એવી તેની પાકી સમજણ હતી

મુનિઓને જોઈ સુલસા હાથ જોડી બોલી ઉઠી : "ભગવંત ! આજે મારા અહોભાગ્ય કે આપના ચરણથી મારૂં ઘર આંગણું પાવન થયું જે કાંઈ ખપ હોય તે ફરમાવો."

"સાંભળ્યું છે કે તમારે ત્યાં લક્ષપાક તેલ છે. અમારામાંના એક સાધુને ઔષધિ નિમિત્તે એની જરૂર છે. લક્ષપાક તેલને તૈયાર કરતાં મોટું ખર્ચ લાગે છે. એ તેલ ઘણા દર્દો ઉપર અકસીર ઉપાય તરીકે વપરાતું. સારા શ્રીમંતો કે રાજકુટુંબો સિવાય ભાગ્યે જ એવું તેલ મળતું. આવી કિંમતી વસ્તુ આપવાનો પ્રસંગ સાંપડ્યો જાણી સુલસા હર્ષઘેલી બની ગઈ. પોતાના કરતાં પરના ઉપયોગમાં આવે એ વસ્તુની ખરી કીંમત છે એમ સુલસા માનતી; તેમાં વળી આજે તેનો સદુપયોગ એક મુનિ માટે થવાનો પછી પુછવું જ શું ?"

ઉત્સાહભર સુલસા તેલ લેવા દોડી. હોંશમાં ને હોંશમાં શરતચુકથી ઘડો લાવતાં કાંઈક એવો અકસ્માત નડ્યો કે ઘડો ધરતી ઉપર પછડાયો અને મહામુલું તેલ ધુળ ભેગું થઈ ગયું. સુલસાનું મ્હોં ઘડીભર પડી ગયું પરંતુ અત્યારે રોદણા રોવાનો કે અફસોસ કરવાનો સમય નહોતો. ફરીવાર બીજો ઘડો એટલા જ ઉલ્લાસથી લાવવા ગઈ પરંતુ એ પણ ધરતી ભેળો. આ રીતે એક વાર નહિં, બે વાર નહિં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણ ત્રણ વાર ઘડાઓ ઢોળાયા છતાં સુલસાના મ્હોં ઉપર ગ્લાનિની રેખા ન ઉપડી.

વાત એમ હતી કે સુલસાના ધર્મની કસોટી કરવાનું દેવોએ રચેલ એક કારસ્તાન હતું. મુનિના વેશમાં આવેલ દેવોએ આખરે ખુલાસો કર્યો. સુલસાના ધૈર્ય અને ઔદાર્યથી પ્રસન્ન થયેલા દેવોએ જતાં જતાં સુલસાને બત્રીસ ગોળીઓ આપી. એક એક ગોળી ખાવાથી એકંદર બત્રીસ પુત્રો થશે, વધારામાં નામસ્મરણ માત્રથી દેવો સહાય માટે દોડી આવશે એમ પણ કહ્યું.

સાધુઓ વિદાય થયા પછી સુલસાએ વિચાર કર્યો : "બત્રીશ ગોળી ને બત્રીશ પુત્રો" આટલા બધાને કેમ સાચવવા ? એના કરતાં એકી સાથે બત્રીશ ગળી જાઉં તો એક જ બત્રીશ-લક્ષણો પેદા થાય તો કેવું સારૂં."

કોઈને પૂછયા વગર ભવિતવ્યતાના યોગે બત્રીસે ગળી ગઈ આવા દુઃસાહસની સજા પણ આકરી થઈ. ગર્ભમાં બત્રીસ ગર્ભ બંધાયા. ઉદરમાં સમાવેશ કયાંથી થાય ? સુલસા અકથ્ય વેદના ભોગવવા લાગી. મરે તો સુલસા જ મરે. અકળામણનો પાર નથી. અરિહંત ભગવાનનું ધ્યાન ધરતાં પેલા દેવોનું પણ સ્મરણ થઈ આવ્યું.

દેવો હાજર થયા, હિસાબ સમજી ગયા. સુલસાને ઠપકો આપ્યો. ગમે તેમ કરી વ્યથા ઓછી કરી અને સુલસાએ એકી સાથે બત્રીસ પુત્રોને જન્મ આપ્યો. ઘરનું આંગણું ગાજી ઉઠયું. સુલસા અને નાગ જાણે હવે સંસાર-સુખની લગભગ ટોચે પહોંચ્યા. સુખ પછી દુઃખ સંયોગ પછી વિયોગ એ ન્યાયે એક નવું તોફાન ઉઠયું. ખીલેલ ઉદ્યાનને વિધિએ સાવ વેરાન બનાવી મુકયું. પુત્રો ઉંમર લાયક થયા, પરણાવ્યા પરંતુ ભાગ્યચક્રે સુલસાનું સુખ માત્ર સ્વપ્નમાં લાવી દીધું.

મોટી બ્હેન મને તમારા વગર નહિ ગમે. હું તો તમારી સાથે જ આવીશ.

"હમણાં થોડા દિવસ ખમી જા. પાછળથી હું તને બોલાવી લઈશ. જો તું દુરાગ્રહ કરશે તો આપણી બંનેની બાજી બગડી જશે.

એક રાજાના અંતઃપુરમાં સમાન રૂપ અને સરખી વયવાળી બે કુમારીકાઓ વચ્ચે આ ખેંચતાણ થતી હતી. એક કહે "હું આવું, બીજી કહે "આજે નહિ, પછી.".

સામાન્યતયા બન્ને બહેનો દેહ ને છાયાની જેમ સાથે જ રહેતી, સાથે જ હરતી, સાથે જ ફરતી. પૂર્વના કોઈ ઋણાનુબંધના પ્રતાપે સુજ્યેષ્ટા અને ચેલણા એક જ આત્માના બે દેહ હોય એવા સ્નેહતંતુથી સંકળાયેલા હતા. ચેટક રાજાને બીજી પુત્રીઓ પણ હતી. પરંતુ આ બે વચ્ચેનો પ્રેમ એટલે એક જ ગાંઠ.

સુજ્યેષ્ટા રાજગૃહીના રાજા શ્રેણિક સાથે મોહપાશથી આકર્ષાઈ હતી. છાની રીતે નાસી છુટીને ગાંધર્વ લગ્ન કરવાનો વિચાર હતો. મંત્રી અભયકુમારની સહાયથી નાસવાની તમામ વ્યવસ્થા થઈ ચુકી હતી. સીધી રીતે વૈશાલીનો ચેટક પુત્રીને આપવા તૈયાર નહોતો. બુદ્ધિશાળી અભયકુમારે વૈશાલીથી માંડીને રાજગૃહી સુધી ભુગર્ભમાં એક છુપું ભોંયરૂં કરાવ્યું. ચૈત્ર સુદી બારસનો દિવસ નાસવા માટે મુકરર કરવામાં આવ્યો. ખુદ રાજા શ્રેણિક ભોંયરાના નાકા સુધી સુજ્યેષ્ટાને લેવા માટે આવ્યો. રથના સારથિ તરીકે સુલસાના સ્વામી નાગ સારથિ અને અંગરક્ષકો તરીકે સુલસાના બત્રીસે યુવાન કુમારો.

નિર્ધારિત યોજના અનુસાર સુજ્યેષ્ટા અને ચેલણાએ ચેટકના મહેલ બહાર નીકળી ભોંય-રામાં પ્રવેશ કર્યો. બેમાંથી કોણ સુજ્યેષ્ટા અને કોણ ચેલણા એ અંધારામાં કળી શકાય તેમ



For Private And Personal Use Only

નહોતું. રથનું પૈડું ફર્યું ન ફર્યું ત્યાં તો સુજ્યેષ્ટાને પોતાનો ઘરેણાનો ડાબલો યાદ આવ્યો. "મહારાજ ! આ આવી" એમ કહેતીકને સુજ્યેષ્ટા ડાબલો લેવા મહેલમાં પાછી ફરી.

ઠીક ઠીક સમય થયો પરંતુ સુજ્યેષ્ટાનો પગરવ ન સંભળાયો. શ્રેણિકને વિચાર થયો. "ચોરી કરવા આવવું અને આ રીતે ઉભા રહેવું એ તો આપઘાતને આમંત્રણ આપવા જેવું ગણાય. સુજ્યેષ્ટા તો છે, એની બ્હેન ન આવી તો શું બગડી જાય છે ? આજ્ઞા કરી અને રથિકે રથ દોડાવી મૂક્યો.

દાવાનળમાંથી નાસી છુટવું હોય એટલી હિંમતથી સારથિએ અશ્વોને મારી મૂકયા, શ્રેણિકની પાછળ બચાવ કરવા સુલસાના બત્રીસે કુમારો ઉભા રહ્યા. પરંતુ વૈશાલીની સંખ્યા મોટી એટલે એક પછી એક એમ બત્રીસેએ રણને શય્યા બનાવી. બત્રીસેએ પ્રાણની આહૂતિ આપી. એટલામાં શ્રેણિક રાજગૃહી પહોંચી ગયો.

નગરીમાં ઉત્સવ મંડાયો. નગરીમાં આનંદ ત્યારે સુલસાને ત્યાં નરી ખિન્નતા. ગમે તેમ સુલસા માતા હતી. પુત્રોના મરણના સમાચાર જીરવવાની તાકાત તુરતમાં કયાંથી બતાવી શકે !

સુલસાની વ્યથા કલ્પનાતીત હતી છતાં ભગવાનના વચનામૃતો પીધેલ સુલસા અંતર્મુખ બની ગઈ.

સંસારના સુખ, વૈભવ, પુત્રપરિવાર એ બધું જાણે ઇંદ્રિજાળ હોય, મૃગજળ હોય તેમ માનીને પુત્રોના વિરહ તાપને એ ઘોળીને પી ગઈ. આ સંસારમાં કોણ કોનું હોઈ શકે ?

સુલસા હવે પુરા વેગથી આત્મશુદ્ધિ તરફ વળી. વીર જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરતી, સવાર–સાંજ આવશ્યક આચરતી, છઠ્ઠ અઠ્ઠમ જેવી તપશ્ચર્યાને જીવનસૂત્ર બનાવતી, તીર્થપર્યટનમાં લગની ધરાવતી સુલસા શ્રાવિકા મહાવીર પ્રભુની એક અગ્રગણ્ય ઉપાસિકા તરીકેની નામના શ્રમણસંઘના ઈતિહાસમાં મૂકી ગઈ.

ભાવી ચોવીસીમાં સુલસા સતિનો જીવ પંદરમા નિર્મળ નામે તીર્થંકર થશે.

ભગવાન મહાવીરની ગણનાપાત્ર શ્રાવિકાઓ ત્રણ લાખ ને અઢાર હજાર તેમાં પ્રથમ નંબર સુલસાનો. એ સુલસાનો જીવ હાલ પાંચમા દેવલોકે ઉપસ્થિત છે ત્યાંથી ચ્યવી આવતી ચોવિસીમાં પંદરમા તીર્થંકર નિર્મળ નામે થશે.


જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...

સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે

મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન

શો રૂમ :— ગોળ બજાર ☐ ભાવનગર ☐ ફોન નં. 4525

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકર પ્રરૂપિત ગૃહસ્થાશ્રમ ધર્મ



લેખક : પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમાર શ્રમણ)

આજથી બરાબર ૨૫૦૩ વર્ષ પહેલાં મગધદેશના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થરાજાને ત્યાં ભગવાન મહાવીરસ્વામી જન્મ્યા હતાં. ગૃહસ્થાશ્રમમાં ૩૦ વર્ષ રહ્યાં. ૧૨।। વર્ષ છદ્મસ્થ જીવનમાં અને લગભગ ૩૦ વર્ષ કેવળી પર્યાયમાં રહી નિર્વાણ પામ્યા છે. આમ તો ચૈત્ર સુદિ ૧૩ના દિવસે લાખો માણુસો જન્મ્યા હશે. પણ કોઇની સ્મૃતિ આપણી પાસે નથી ત્યારે લાખો-કરોડો માનવોને અહિંસા, સંયમ અને તપોધર્મથી દીક્ષિત કરનારા ભગવાન મહાવીરસ્વામી જ ચૈત્ર સુદિ ૧૩ના દિવસે સ્મૃતિપટ પર આવે છે. સમાજનું સદ્ભાગ્ય છે કે પ્રતિવર્ષે ભગવાન મહાવીરસ્વામીની જયંતી ઉજવે છે અને ઋણમુક્ત થઇ પોતાને ધન્ય માને છે.

ભગવતીસૂત્રના અગ્યારમા શતકના બારમા ઉદ્દેશામાં ગૌતમસ્વામીએ પૂછ્યું છે કે હે પ્રભો! તે ઋષિભદ્રપુત્ર દીક્ષિત થવા માટે સમર્થ છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! ઋષિભદ્રપુત્ર આ ભવમાં દીક્ષા નહીં લે. પરંતુ ગ્રહસ્થાશ્રમમાં રહીને શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન તથા નિયમાનુસાર પૌષધોપવાસ આદિ તપઃકર્મથી પોતાના આત્માને ભાવિત કરતો દેવલોકને પ્રાપ્ત કરશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરીને દીક્ષિત થશે. ત્યાં સિદ્ધ-બુદ્ધ અને મુક્તાવસ્થા મેળવશે.

### સાધુધર્મ અને ગૃહસ્થાશ્રમ ધર્મ :—

કૃતકર્મો સૌના જુદા જુદા હોવાથી પ્રત્યેક જીવોની જાતિ, ગુણ, સ્વભાવ અને ઉપાદાન પણ જુદા જુદા હોય છે. તેથી ભવ્યતાના પરિપાકમાં પણ ફેર પડ્યા વિના રહેતો નથી, માટે ભવ્ય જીવોનું વર્ગીકરણ એક સમાન નથી. જેમ કેઃ-કોઈ જીવને દર્શનમોહનીય કર્મનો ઉપશમ વધારે-ઓછો હોય ત્યારે બીજાને તે કર્મનો ઉદય તીવ્રતર કે તીવ્રતમ હોય છે. કોઇને ચારિત્રમોહનીયનો ઉપશમ વધારે હોય અને બીજા જીવને ચારિત્રમોહનીયનો ઉદય વધારે હોય છે. ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં પણ કોઈ જીવને જીવનની અનંત શક્તિઓને બગાડનાર અનંતાનુબંધી ક્રોધ મોહનીય, માન મોહનીય અને લોભ મોહનીય તીવ્ર-તીવ્રતમ હોય છે, જ્યારે બીજા જીવે અનંતાનુબંધી મોહકર્મને મારી-કુટી અને ઘણું જ પાતળું કે સર્વથા ક્ષય કરી દીધેલું હોવાથી તેનું ચારિત્રમોહનીય સર્વથા શક્તિહીન બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી પરિસ્થિતિમાં જે જીવોને દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય અનંતાનુબંધક હશે તેઓ સમ્યગ્દર્શનનો પ્રકાશ નહીં મેળવી શકવાના કારણે તેમના જીવનમાં કોઈ કાળે પણ પાપોનો ત્યાગ, પાપી ભાવનાઓનો ત્યાગ, દુરાચાર તથા ભોગવિલાસોનો ત્યાગ પણ હોઈ શકે જ નહીં, તો પછી મોક્ષ મેળવવાને માટે પુરૂષાર્થ ક્યાંથી હોય? આ કારણે જ ધર્મના આરાધકો બે પ્રકારના હોય છે.

(૧) જેમને અનંતાનુબંધી અને બે અપ્રત્યાખ્યાતી મોહકર્મનો ક્ષય કે ક્ષયોપશમ થયો હોય, અથવા ગુરૂકુલવાસ, સ્વાધ્યાય, તપ, જપ આદિ સદનુષ્ઠાનો દ્વારા પોતાના ભડકેલા મોહકર્મને ઉપશમ કરવા માટે જે ભાગ્યશાળી બની શકે છે, તે સાધુધર્મના આરાધક થઈ મોક્ષના સાધક બને છે.

(૨) જે ભાગ્યશાળીઓ સાધુધર્મને સ્વીકારવા માટે સમર્થ બની શકતા નથી તેઓ શ્રાવકધર્મની મર્યાદાઓમાં સ્થિર થઈને પોતાનું જીવન ઘડશે તો તેમનો ગૃહસ્થાશ્રમ પણ ધર્મમય બનવા પામશે તીર્થંકરદેવોએ અલ્પાંશે પણ વ્રતોને શ્રદ્ધાયુક્ત સ્વીકારનાર, પાળનાર ગૃહસ્થને વખાણ્યો છે, સમવસરણમાં તે પ્રશંસિત બન્યો છે. ત્યારે જ આગમોમાં સ્થળે સ્થળે કહેવાયું છે કે ધર્મ બે પ્રકારનો છે.

૧ સાધુધર્મ, ૨ ગૃહસ્થધર્મ.

ચરાચર સંસારમાં પ્રત્યેક જીવોના આત્મદલિકોમાં તારતમ્ય જોઈને જ તીર્થંકર પરમાત્માઓએ સાધુધર્મ અને ગૃહસ્થધર્મની સ્થાપના કરી છે. યદ્યપિ સાધુધર્મ સર્વશ્રેષ્ઠ, આરાધ્ય અને હર હાલતમાં પણ ઉપાદેય છે, પરંતુ પ્રત્યેક માનવ તે માટે સમર્થ બની શકયા નથી, બનતા નથી અને ભાવીમાં બની શકે તેમ નથી. કેમકે:–આત્મદર્શન (સમ્યગ્દર્શનના સર્વથા અભાવમાં આત્મશુદ્ધિનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

માન્યું કે મુનિરાજોના મહાવ્રતો હાથીના શરીર જેવા મોટા હોય છે, જેમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના મોટા પાપોનો સર્વથા ત્યાગ હોવાથી મુનિના વ્રતોને મુનિધર્મ કહી શકીએ, પરંતુ ગૃહસ્થોના વ્રતો અણુ જેવા નાના હોય છે, તેવા ગૃહસ્થોને ગૃહસ્થધર્મના માલિક શા માટે ગણવા?

જવાબમાં કહેવાયું છે કે પાપોને–પાપ ભાવનાઓને પાપ જ સમજીને સમ્યગ્જ્ઞાનપૂર્વક જો છોડી દેવામાં આવે તો તે ગૃહસ્થ અલ્પાંશે પણ ધર્મની મર્યાદામાં આવી જાય છે, કેમકે ઇન્દ્રિયોની ગુલામીપૂર્વક કષાયભાવથી કરાયેલું પૌદ્ગલિક પદાર્થનું સેવન પાપોત્પાદક હોવા છતાં પણ ગૃહસ્થને માટે અનિવાર્ય છે, અને જ્યાં સુધી આ જીવાત્મા મિથ્યાત્વના અંધકારમાં હોય છે, અથવા જરાયુમાં ફસાયેલા જીવાત્માની જેમ કષાયોથી લપટાયેલો હોય છે ત્યાં સુધી એકેય પાપને કે પાપી ભાવનાને તે છોડી શકતો નથી. સંસારમાં નિયાણાબદ્ધ ઘણા જીવોને આપણે પ્રત્યક્ષ કરી શકીએ છીએ કે તેઓ પાપોને પાપદ્વારોને તેમ જ પાપભાવનાઓને કંટ્રોલ કરવા માટે સમર્થ થઈ શકતા નથી. માટે જ તેઓ પૈસો ટકો છોડી શકે છે પણ ભોગવિલાસો છોડી શકતા નથી. દુકાન પર ૧૨ વાગ્યા સુધી ભૂખ્યા રહી શકે છે પણ ખાવા બેઠા પછી અમુક વસ્તુઓનું મમત્વ ત્યાગી શકતા નથી. વ્યવહારથી દયા–દાનનું સેવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી શકે છે. પણ પોતાના આત્મા પર દયા કરીને પરિગ્રહના પાપને ત્યાગતા નથી! અને છેવટે તથાપ્રકારની પરિસ્થિતિમાં દીક્ષિત પણ થઈ શકે છે. પરંતુ નિયાણશલ્ય–મિથ્યાત્વશલ્ય કે માયાશલ્યને છોડી શકતા નથી. માટે જ જૈન સૂત્રકારોએ કહ્યું કે પાપ અને પાપી ભાવનાને છોડવી અત્યંત દુષ્કર છે.

સંસારની આવી પરિસ્થિતિ હોવા છતાં પણ કોઈક સમયે તથાપ્રકારની ભવ્યતાની પ્રાપ્તિ થતાં તેમના મનમાં અનંતાનંત પાપોમાંથી કંઈક પાપોના ત્યાગની ભાવના થતાં જ પોતપોતાની પરિસ્થિતિવશ તે જીવાત્માઓ અમુક અમુક નિરર્થક પાપોને છોડે છે, જાણી બુઝીને છોડે છે. અને તેમ કરીને તે ભાગ્યશાલીઓ ધર્મના દ્વારે આવવાની તૈયારી કરે છે. આજે બે ચાર પાપોને છોડે છે. તો આવતી કાલે પાંચ પચ્ચીસ પાપોને છોડશે. અને એક દિવસે અથવા બીજા કોઈ ભવે સંપૂર્ણ પાપોને છોડવા માટે સમર્થ બની શકશે. આ કારણે જ તે ગૃહસ્થો ધાર્મિકતાની મર્યાદામાં આવતા હોઇને તેમના મર્યાદાપૂર્વકના અલ્પાંશ વ્રતો પણ ધાર્મિકતાને સાબિત કરનારા બને છે.

## સાધુધર્મની પૂર્વ ભૂમિકા :

કોલેજમાં પ્રવેશ કરવા માટે પૂર્વભૂમિકા રૂપે મેટ્રીકની પરીક્ષા છે. તથા મેટ્રીકમાં પાસ થવા માટેની પૂર્વ ભૂમિકા પહેલી–બીજી આદિ કલાસો છે તેવી રીતે આજે કાલે કે ભાવી કાળમાં સાધુધર્મ સ્વીકારનાર ભાગ્યશાલી માટે પોતાનો ગૃહસ્થાશ્રમ જ પૂર્વ ભૂમિકા રૂપે સ્વીકાર્ય બનશે. કેમકે માતાના જીવનમાં રહેલી સુંદરતા પવિત્રતા શિયળસમ્પન્નતાની અસર જેમ પુત્ર પર પડ્યા વિના રહેતી નથી, તેમ ગૃહસ્થાશ્રમ જીવનમાં યદિ સચ્ચાઈ, પ્રામાણિકતા, ન્યાયસમ્પન્નતા અને શિયળ સંસ્કારિતા છે તો તેની દીક્ષિત અવસ્થા પણ સંસ્કારી બન્યા વિના રહેવાની નથી અને તેમ થતાં તે સંયમી જ્ઞાનનો ભંડારી બનશે. માટે જ પૂર્વભવના સંયમ આરાધકો અથવા આ ભવના પ્રબળ પુરુષાર્થીઓ પોતાના જીવનમાં કદાચ આવનારા દિવસોમાં "મારે સંયમી બનવું પડશે અથવા હું દીક્ષા લઈશ" આવી ભાવનાથી પણ તેમને પોતાના જીવનમાંથી જૂઠ, પ્રપંચ, શેતાની, ધોખાબાજી, છેતરપીંડી, પરસ્ત્રી ગમન, થાપણ મોસો, ખોટા તોલ–માપ આદિના પાપોને વીણી વીણીને દૂર કરવાના રહેશે અથવા જીવન તત્ત્વના ઘાતક દુર્ગુણોને દૂર કરવાની ટ્રેનિંગ લેવાની જ રહેશે. એમ કરતાં ભવિષ્યમાં જો સંયમમાર્ગ ભાગ્યમાં ઉદિત થાય તો તેનું સંયમી જીવન પણ સુંદર–સ્વચ્છ અને ઉદાત્ત બની પોતાનું તથા સમાજનું હિત સાધવામાં સફળ બનવા પામશે.

અનાદિ કાળથી મિથ્યાત્વની ઉપાસનામાં મસ્ત બનેલો જીવાત્મા મોહકર્મના ઘેનમાં અત્યાર સુધી ક્ષુદ્ર, મિથ્યાભિમાની, લંપટ, લોભી, ક્રોધી, તુચ્છ, વક્ર, ઈર્ષ્યાળુ, રાગાંધ તથા દ્વેષાંધ આદિ આત્મઘાતક દૂષણોનો સ્વામી બનેલો હોવાથી માંડેલો ગૃહસ્થાશ્રમ દીપાવી શક્યો નથી જીવનધન શોભાવી શક્યો નથી અને આત્મિક તથા આધ્યાત્મિક જીવનમાં સત્ય અને સદાચાર વસાવી શક્યો નથી. માટે જ દયાના સાગર ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે ઓ માનવ! તારે અનાદિ કાળના ફેરા ટાળવા હોય, સંસારને ટૂંકો કરવો હોય તથા ભાવલબ્ધિનો પરિપાક સાધવો હોય તો સૌથી પ્રથમ શ્રાવકધર્મના ૨૧ ગુણોને તથા માર્ગાનુસારીના ૩૫ ગુણોને કેળવવા માટે જ પ્રયત્ન કરજે, જેથી મિથ્યાત્વનો જુનો પુરાણો રંગ–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કષાયનો મેલ તથા મોહનો કાદવ સાફ થશે અને જીવનપટ ઉજ્જવલ બનશે. ત્યાર પછી સમ્યક્ત્વનો રંગ આત્માને લાગતા જીવનધન પવિત્ર-સરળ તથા સ્વચ્છ બનશે અને તેમ થતાં પાપોને-પાપ દ્વારોને સર્વથા કે અલ્પાંશે કંટ્રોલમાં લેવા માટે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતોનો સ્વીકાર કરાશે, ત્યાર પછી જ સર્વથા અશિક્ષિત આત્માને આધ્યાત્મિક જીવનનું શિક્ષણ દેવા માટે ચાર શિક્ષાવ્રતોને અપનાવશે. આ પ્રમાણે તે ભાગ્યશળીનું જીવન ગૃહસ્થ-જીવન સંયમની પૂર્વભૂમિકા રૂપે બનવા પામશે.

લગામ વિનાનો ઘોડો તથા બ્રેક વિનાની સાઈકલ, મોટર કે ટ્રેન એકવાર નહીં પણ ઘણીવાર ભયજનક બની શકે છે, તેમ સત્ય અને સદાચાર ધર્મના પોષક વ્રત-નિયમ-ઉપનિયમ વિનાનો માનવ કોઈ કાળે પણ પોતાના ગૃહસ્થાશ્રમને દૈવી સંપત્તિનો માલિક બનાવી શકે તેમ નથી.

-: ત્રણે આશ્રમોનો જીવનદાતા ગૃહસ્થાશ્રમ :-

(૧) બ્રહ્મચર્યાશ્રમ—એટલે પોતાના, ભાઇના, કાકા પુત્રો તથા પુત્રીઓ ચાહે ગર્ભગત હોય, સંસારના સ્ટેજ પર આવી ગયેલા હોય, નહીં પરણેલા કે પરણવાની યોગ્યતાવાળા હોય તે બધા બ્રહ્મચર્યાશ્રમી કહેવાય છે.

(૨) વાનપ્રસ્થાશ્રમ—એટલે ઘરમાં કે કુટુંબમાં રહેલા પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થયેલા કાકા-કાકી, મા-બાપ, વિધવાવેષમાં રહેલી ભાભીઓ, પુત્રીઓ, પુત્રવધુઓ; ફઇબા આદિ વાનપ્રસ્થાશ્રમી છે.

(૩) સન્યાસાશ્રમ અર્થાત્ સાધુ-સાધ્વી, યોગી, જતી, તપસ્વી આદિનો સમાવેશ આમાં થશે.

ઉપર્યુક્ત ત્રણે આશ્રમોમાં વિદ્યમાન વ્યક્તિઓનું ભરણ-પોષણ, શિક્ષણ, વસ્ત્ર, ઔષધ આદિનો ભાર ગૃહસ્થાશ્રમી ઉપર જ રહેલો હોવાથી તેમને પોતાનો વ્યવહાર, વ્યાપાર, રહેણીકરણી, ખાનપાન, વસ્ત્રપરિધાન આદિ બધીએ ક્રિયાઓમાં સત્યતા, પ્રમાણિકતા, વિવેકિતા, દયાલુતા, ધાર્મિકતા, શિયળ સંપન્નતા આદિ સદ્ગુણોનો વાસ સર્વથા અનિવાર્ય છે. કેમ કે ગૃહસ્થાશ્રમની ખોટી-ખરી અસર ત્રણે આશ્રમો ઉપર પડ્યા વિના રહેવાની નથી.

મા બાપ કે વડીલ તરીકે ભાઇ ભાભી યદિ દુરાચારી, અસત્યવાદી અને ગર્ભધારણ થયા પછી પણ વ્યભિચારકર્મી, ગંદી ચેષ્ટા, ગંદો વ્યવહાર રાખનારા હોય તથા સર્વથા નાની ઉમ્રમાં રહેલા બાલુડાઓની હાજરીમાં પણ માબાપોની ગંદી મશ્કરી, દુરાચારી ચેષ્ટા કે ભોગવિલાસો માટે નિર્ણીત કરેલા ગંદા સંકેતો યદિ વડીલો છોડી શકતા નથી. તો તેના ઘરમાં જમ્બૂસ્વામી, વસ્તુપાલ-તેજપાલ, ચંદનબાળા, રાજીમતી જેવા પુત્રો કોઈ કાળે પણ જન્મ લઇ શકતા નથી માટે તેમના માંડેલા ગૃહસ્થાશ્રમના ફળ તરીકે રાવણ, દુર્યોધન, શૂર્પણખા, ધવલ શેઠ, મમ્મણ શેઠ જેવા સંતાનો જ ભાગ્યમાં શેષ રહે છે. પરિણામે તેવા ગૃહસ્થો પોતાના માટે, કુટુંબો માટે, ગામ કે સમાજને માટે છેવટે દેશને માટે પણ અત્યંત નાશક જ રહેવા પામશે. અને તેમને ત્યાં રહેલા વાનપ્રસ્થીઓ કલેશ, કંકાસ, વૈર, વિરોધ તથા આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં જ રીબાઈને જીવન પૂર્ણ કરશે. તથા તેમના ઘરનું અનાજ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્ત્ર, ઔષધનો ઉપયોગ કરનાર સાધુ-સાધ્વીઓ પણ સદ્‌બુદ્ધિ તથા સદ્વિવેકના માલિક બની શકવાના નથી.

આ બધી વસ્તુઓનું ધ્યાન રાખીને જ ધર્માચાર્યોએ ગૃહસ્થાશ્રમીઓને કંટ્રોલમાં રાખવા માટે શિક્ષા આપતાં કહ્યું કે :

'તારી પોતાની પુત્રી, બ્હેન કે માતા યદિ અપેક્ષાકૃત યુવાવસ્થામાં છે તો તેમની સાથે પણ એક આસન ઉપર ગાદી કે સોફા ઉપર બેસીશ નહીં, સ્ત્રીઓને માટે પણ કહ્યું કે તારો પુત્ર યદિ પાંચ વર્ષનો થઇ ગયો છે તો તેને સાથે લઇને સૂઇશ નહીં' કારણ આપતાં કહ્યું કે આપણામાં કદાચ ખાનદાની હોઈ શકે છે પણ આપણા શરીર સાથે લાગેલી ઇન્દ્રિયોમાં ખાનદાન તત્ત્વ આવતા ઘણી વાર લાગશે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવની ચર્ચામાં એક વાત આવે છે કે 'પોતાની જ પુત્રી જ્યારે યુવાવસ્થાના આંગણે આવી છે ત્યારે એક દિવસે સ્નાનાંતર પછી વેષપરિધાન કરતી પુત્રીને જોઇને તેના બાપ રાજાની દાનત બગડે છે અને પુત્રીને જ પત્ની તરીકે બનાવી લે છે. આવી રીતના બગડેલા ગૃહસ્થાશ્રમમાં જ ભગવાન મહાવીર સ્વામી ૧૮મા ભવે તેના ઘરે અવતરે છે અને મરણાંતે નરકગતિમાં જાય છે. ઇન્દ્રિયોના ઘોડા કેટલા બધા તોફાની હોય છે તે સમજવાને માટે એક દૃષ્ટાંત જ પર્યાપ્ત છે.

માટે જ આપણા ગંદા વ્યવહારથી ત્રણે આશ્રમોને બગાડવાનું પાપ માથા ઉપર ન લેવું હોય તો માંડેલા ગૃહસ્થાશ્રમને વ્રતધારી-નિયમધારી બનાવવું એ જ હિતાવહ માર્ગ છે. ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દિવસે આપણે સૌ વ્રતધારી બનવાનો સંકલ્પ કરીએ એ જ.

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :

STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવી માનવી વચ્ચેના આ ભેદ શાને ?

લે. **ભાનુમતી દલાલ**

જૈન ધર્મના પ્રણેતા ભગવાન મહાવીર ચોવીસમા તીર્થંકર હતા, તે જન્મથી ક્ષત્રિય હતા. એમનું ખરૂ નામ વર્ધમાન હતુ. તેઓ પોતાની નીડરતા અને વીરતાથી મહાવીર કહેવાયા. મહાવીર તેમની વીરતાનું સૂચક હતુ. તેઓ અહંકાર અને અહંતાને જીતવાવાળા હતા. સાચી રીતે જોઇએ તો આંતર શત્રુઓ પર તેમણે વિજય મેળવ્યો હતો. અરિહંત એટલે જ કહેવાયા. બાહ્ય આંતર શત્રુઓના વિજેતા એટલે ભગવાન મહાવીર. સાચી વીરતા અંતરમાં રહેલા કષાયરૂપી શત્રુઓને જીતવામાં રહેલી છે. તેથી મહાવીર એક વિજેતા હતાં.

એમણે એક એવા ધર્મની સ્થાપના કરી જે ધર્મ બધાનો ધર્મ હતો અને બધા માટે સરખો હતો. એમના ધર્મમાં કોઈ ભેદભાવ ન હતો. એમનો સ્યાદ્વાદનો સંદેશો સૌ કોઇને શાંતિ આપતો હતો. અને એ સંદેશને જે કોઈ જીવનમાં ઉતારે તેના મનમાંથી મતભેદો પૂર્વગ્રહો દૂર થઇ જતા એવી તેમના ધર્મમાં પ્રબળ શક્તિ હતી. આ ધર્મના ઉપદેશથી તેમણે મનુષ્યના પોતાના અંતરાત્માની અંધકારાચ્છાદિત શક્તિઓને પ્રકાશિત કરવાની સમર્થ તક આપી હતી. તેમજ એમના વિચારોમાં જે અમૃત ભરેલુ હતુ, જેનાથી લોકો પ્રભાવિત થયા હતા અને લોકોના અંતરમાં જે વિષ હતુ તે અમૃતરૂપે પરિણમ્યું હતુ. અને લોકો પણ કલ્યાણના શિખર પર આરોહણ કરી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્તા હતા. તે ધર્મનું અમૃત સાદું હતું. માનવ માનવ વચ્ચેના ભેદભાદ મીટાવી સમાજવાદની વિચારસરણીનો આરંભ અહીં જ થયો હતો.

એમનામાં સંયમ, સમતા અને ઉગ્ર તપ જોઈ લોકોના હૃદયમાં ઊંડી છાપ ઉઠતી. જેનાથી હિંસા ક્રુરતા, ભય, દંડ અને કાયદાની બધી શક્તિઓ વ્યર્થ જતી. આ એમની એક મહાન સિદ્ધિ હતી. તેમણે પોતાના તપોબળે અનિષ્ટોને નીવાર્યા, પ્રેમ અને સમતાથી અન્યની દાનવી વૃત્તિઓને વશ કરી.

એમની એ વિચારધારા હતી કે જે કોઈ માણસ સમતાનો સ્વીકાર કરે તે વ્યક્તિ પોતે ગમે તેવી હોય છતાં તે વ્યક્તિ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. આત્માનો પ્રકાશ મનુષ્યની અંદર જ પડેલો છે તે પોતાના પુરૂષાર્થ વડે પોતે જ પ્રગટ કરી સમતા ગુણને અપનાવી શકે છે.

'મનુષ્ય સુખ મેળવવાની ઝંખનામાં ભટકતો ફરે છે, પણ એમને પ્રેમથી સમજાવીને કહ્યુ છે કે સુખ બહાર શોધવાની કોઈ જરૂર નથી, એ સુખ આપણી અંદર જ પડેલું છે. આપણામાં રહેલા રાગ, દ્વેષ, મોહથી ઉત્પન્ન થતું સુખ એ સાચું સુખ નથી. લોકો એ જ સુખને સાચું સુખ માની દુઃખી થાય છે, એ સુખનો આભાસ છે. સંગ્રહ અને આસક્તિમાં સુખ માને છે પણ તે સુખ દુઃખના સાગરમાં ધકેલવા બરાબર છે, સુખની આપણી કલ્પના આપણામાં રહેલા મોહતત્ત્વો પર આધારિત છે. સાચા સુખનો તો આપણને ખ્યાલ જ નથી, એ તો અંતરમાં જ વસે છે, બાહ્ય વૈભવ સાધનો એ કઈ રીતે નિષ્પન્ન કરી શકે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૌ જીવો સુખથી જીવવા માંગે છે. સૌને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. સુખદુઃખ આપણા વ્યવહારો, સંબંધો એ કર્મ ઉપર આધારિત છે. સુખ દુઃખની કલ્પના છોડી સમતાથી શું સુખ અને શું દુઃખ એમ સમજવા પ્રયત્ન કરે તો તે મનુષ્ય શાંતિ જરૂર અનુભવે છે. મનુષ્ય પોતે ભૂલી જાય છે કે તે અનંત આત્મશક્તિનો સ્વામી છે, એ આપણો ભાગ્યવિધાતા છે અને આપણા સુખ દુઃખનો તે ભોક્તા છે, એ વસ્તુ સમજાય તો તે જરૂર સુખી બની શકે છે.

એમણે પ્રરૂપેલો ધર્મ એક માનવધર્મ છે. એમણે વારંવાર પોતાના ઉપદેશમાં કહ્યું છે કે જેમ આપણને આપણું જીવન પ્રિય છે તેમ પ્રત્યેક પ્રાણીને પોતાનું જીવન પ્રિય છે, માટે આપણા સ્વાર્થ ખાતર બીજાના સુખ, સંતોષ, આનંદ છીનવી લઈ તે આત્માને કલેશ પહોંચાડવાનો અપણને કોઈ અધિકાર નથી. એ એક હિંસા છે અને ઘોર અધર્મ છે. પ્રાણીનો વધ કરવો તે તો હિંસા છે જ પણ તેનાથી આગળ જઈ તેમણે કહ્યું છે કે કોઈ પણ જીવને તમારા સુખને ભોગે માનસિક દુઃખ કે અશાંતિ આપવી અને તેને સુખથી વંચિત રાખવો તે પણ એક હિંસા છે. માટે આ હિંસાથી બચવા તેમણે કહ્યું કે સૌ જીવો પ્રત્યે સમભાવ રાખવો, તેને શાંતિ થાય તેવી વાણી બોલો! કટુ વચન કહી તેના આત્માને દુઃખ ન આપો! તેને પ્રેમથી સમજાવી પરિસ્થિતિથી જાણ કરો! તો જ આ માનસિક હિંસા ટાળી અહિંસા અપનાવી શકશો. અહિંસાની આટલી વ્યાપક વ્યાખ્યા એજ એમના ઉપદેશનો મહામોંઘો અર્ક છે. પ્રેમ અને કરૂણા વગર આવી અહિંસા સંભવી ન શકે.

સંયમ અને તપ એ મંગલ માર્ગ છે પણ પરિગ્રહ માનવીને સંયમમાંથી ચલિત કરે છે. માનવીની ઇચ્છાઓ અનંત છે. એક પૂરી થાય ત્યાં બીજી ઈચ્છા જાગે છે. એ ઇચ્છા પૂરી કરવા માનવીનું મન એજ દીશામાં કામ કરે છે. એમાં જ્યારે અસફળતા મળે ત્યારે ક્રોધ, ચિંતા, દ્વેષ, વૈર વગેરે વિકારો જન્મ પામે છે અને માનવીનું જીવન વેડફાઈ જાય છે. માટે આપણી ઈચ્છાઓને સંયમિત બનાવવા પ્રત્યે લક્ષ રાખીએ તોજ આપણને કંઈક શાંતિ પ્રાપ્ત થાય. અપરિગ્રહ એ કારણે જ મહાવ્રત ગણાય છે.

સુખપૂર્ણ જીવન જીવવા માટે અનેકાંતવાદનો સિદ્ધાંત માનવી અપનાવે તો માનવીના મનમાં સમતા ભાવ સ્થિર થાય છે અને સ્થિતપ્રજ્ઞ બુદ્ધિ દ્વારા તે આગળ વધી શકે છે.

આપણામાં અહંમ્ છે તે અનેક દુઃખોને ઊભા કરે છે, અને ઝગડાનું મુખ્ય કારણ બને છે હું કહું તે જ સાચું અને બીજા કહે તે ખોટું છે, આ જાતની આપણી મનોભાવના ઉચિત નથી, એમાં એકરૂપતા જળવાતી નથી. સત્યના અનેક રૂપો છે આપણે જેવા હોઇએ તેવા જ બીજાને જોવા પ્રયત્ન કરીએ તો કોઈ અવ્યવસ્થા થવા નહિં પામે. આપણે સૌ શાંતિથી સમતાથી અને સત્ય વિચારથી જીવનને જીવવા પ્રયાસ કરીએ. બાકી સ્યાદ્વાદ એ જ જૈન ધર્મની મનુષ્ય સમાજને મળેલી મોટી ભેટ છે. અહમ્ તો એમાં તદ્દન વિલય પામે છે અને અન્યના મનનો આદર, એના પ્રત્યે સમભાવ અને સ્નેહ, એટલે જ અનેકાંતવાદનો પ્રચાર.

અંતમાં ચૈત્ર સુદી તેરશના પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકના દિવસે પ્રભુ મહાવીરના વિચારો ને એમણે પ્રરૂપેલા અનેકાંતવાદના ધર્મને આપણે સૌ અપનાવી તેમને ભાવભરી શ્રદ્ધાંજલી અર્પીએ અને ભાવથી વંદના કરીએ

"સવી જીવ કરૂં શાસન રસી."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર મેં દીઠા સપનામાં



રચયિતા : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી

ચૈત્ર શુદ તેરશનો દિન, જન્મ-કલ્યાણક દિન;
વીર વર્ધમાનનો, ભગવાન મહાવીરનો !

ઉજવ્યો એ ઉત્સાહભર્યો,
ને મ્હાણ્યો મનભાવતો;
ગુણગાન પ્રભુનાં ગાતાં,
ને જીવન પ્રસંગો વધાવતાં;
'વીર' વાણીનાં અમૃત પીધાં,
મન મહીં શુભ સંકલ્પ કીધાં !

વાગોળતો 'વીર'ની વાતો,
વિચારતો પ્રસંગો હું સુતો;
અર્ધ નિદ્રા, અર્ધ જાગૃતિ,
મનોમંથનની જાણે સ્થિતિ;
ત્યાં દૃશ્ય થયું ખડું અંતરે,
મહાવીર' મ્હેં દીઠા ખરે !

કહી રહ્યા પ્રભુ પ્રેમભાવે,
સ્રોત શિક્ષાનો શો વહાવે;
સુણજો શ્રાવકો, સુણજો શ્રમણો !
સંદેશો આ મમ દિલતણો;
ઉજવ્યો ઉત્સવ પચીસસોમો,
આનંદપૂર્વક મમ નિર્વાણ તણો !

વહાવી વચનોની સરવાણી,
પ્રારંભવા પ્રવૃત્તિઓ ઘણી;

વિચારોના પ્રવાહ કંઈ પ્રસર્યા,
ધર્મકાર્યો અનેક હૈયે ધર્યાં;
વર્તન સક્રિય કરવા વર્તમાને,
અનુસરતા દેવ-ગુરુ ધર્મને !

પણ સાંભળો, ઓ વીરબાળો !
અંતર દૃષ્ટિથી થોડું વિચારો-
કુટુંબવત્ સાધર્મિકોને માની,
સગા સમ કીધાં શું સુખી ?

ભલે થાય ઓછાં મ્હારા મંદિરો,
ત્હેમને રહેવા મકાન દેજો;
મમ ભંડારે આવક ભલે ઓછી,
સહાય કરજો એને, આંસુ લોછી !

સુશ્રાવકો સર્વત્ર સર્જવા કાજે,
શિક્ષણ-સંસ્કાર દેવા છાજે;
શાળા, પાઠશાળા, વ્યાયામશાળા,
વિદ્યાલયો અને વિજ્ઞાનશાળા;
બાળ મંદિરો ને મહિલા મંડળો,
યુવક-યુવતી સંઘો, પ્રૌઢ મંડળો;
સર્જતા, શિક્ષણ સુવિધા કરજો,
ને સંસ્કાર-સૌરભ પ્રસરાવજો !

પડ્યા છે બંધ જ્ઞાન-ભંડારો,
ને મહીં આગમો, શાસ્ત્રો ને ગ્રંથો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદ્‌વાંચન સદુપયોગાર્થે દેજો,
દિલમાં જ્ઞાન દીવડા પ્રગટાવજો!
ત્હો સુયોગ્ય શ્રાવકો સર્જાશે,
ને શાસનની પ્રભાવના થાશે!

આટલું સુણજો, એટલું કરજો,
ચતુર્વિધ સંઘને હૈયે પ્રેરજો;
ત્હો સુખી-સમૃદ્ધ સમાજ થાશે,
જય જયકાર શાસનનો થાશે!
પૂજા-અર્ચના મ્હારી એ ગણજો,
ઉત્સવ મહોત્સવ એ જ સમજજો.

જોડી અંજલિ, નમી પ્રભુને,
સ્વીકૃતિ—સંમતિ દેવાને;
વદી રહ્યો 'પ્રભો મહાવીર.
આજ્ઞા આપની ધરીએ શિર!'

જોયું ઉંચુ પ્રભુને પેખવા,
ને આદેશ વિશેષ સુણવા;
ન જોયા પ્રભુને, પિતા મહાવીરને,
થયા અદૃશ્ય, આદેશ દઈને!

ઉઠી, જાગી, સ્વસ્થ થઈને,
ગુરુદેવને સાન્નિધ્યે જઈને;
સપના તણી વાત સર્વ કીધી,
ગૂઢાર્થ જાણવા પૃચ્છા કીધી.

ગુરુદેવ ઉવાચ! "રે, મહાનુભાવો,
ઉત્સવો મહોત્સવો ભલે ઉજવો;
પણ સાધર્મિક કાજ કંઈ કરજો,
એવો છે આદેશ પ્રભુ વીરનો!"

સૂણી ગરુવચનો, ગૃહ આવી,
ચતુર્વિધ સંઘને સપનું સૂણાવી;
કંડાર્યો કાર્યક્રમ કાર્યવાહીનો:
બની કટિબદ્ધ આગે ધપવાનો!

બાળકો 'વીર'ના પ્રોત્સાહિત બન્યા,
'વીર'ના વચનો અંતરે ધર્યા;
શીર સાટે કાર્ય કરતાં ધપીશું,
પ્રભુનો આદેશ સિદ્ધ કરવા ખપીશું!

મહાવીર મ્હેં દીઠા સપનામાં....
પામ્યા પ્રેરણા આગે ધપવામાં!

ફોન ઓફિસ : ૩૫૪૩
ઘર : ૫૫૩૯

**દલાલ હર્ષદરાય જીવરાજભાઈ**

**ગોળ, ખાંડ, સાકર, અનાજ, કઠોળ, તેલ, ઘી,**
**ખોળ, કપાસિયા, કરિયાણા વગેરેના લે-વેચના દલાલ**
દાણાપીઠ પાછળ, ભાવનગર ૩૬૪૦૦૧

માલ ખરીદતા પહેલા મુલાકાત અવશ્ય લેશો.

અમારી બીજી ઓફીસ :

ગ્રામ : અખંડ
ફોન નં. પી. પી. ૨૦૬૪૩

**To દલાલ હર્ષદરાય જીવરાજભાઈ**
**C/o. ગાંધી બ્રધર્સ**
કે. જી. ૧૧, માધવપુરા માર્કેટ, શાહીબાગ રોડ,
**અમદાવાદ ૩૮૦૦૦૪**

➔ માલ લેતા પહેલા અમારી મુલાકાત લેશો. ←



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મપ્રિય શ્રી મનસુખભાઇને ફરી ફરી ભાવાંજલિ

તંત્રી સ્થાનેથી— શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

આપણે પહેલી વખત મળ્યા ત્યારથી જાણે પૂર્વ જન્મનો સ્નેહ તાજો થતો હોય તેમ દિન-પ્રતિદિન આપણી નીકટતા વધતી ગઇ! આપણી આત્મીયતા એટલી બધી કે કલાકોના કલાકો આપણે સાથે બેસી વિવિધ વિષયોની ઊંડાણમાં વિચારણા કરતા હોઇએ ત્યારે સમય કયાં ગયો તેનો પણ ખ્યાલ રહે નહીં.

મુરબ્બી શાહ સાહેબે પોતાની નાદુરસ્ત તબીયતને લઇને સભાના પ્રમુખસ્થાનેથી રાજીનામું આપ્યું અને પ્રમુખસ્થાન કમિટિના તેમજ શાહ સાહેબના આગ્રહથી મેં સ્વીકાર્યું. તે વખતે માસિકના તંત્રી થવા માટે આપે મને આગ્રહ કર્યો. પણ એ સ્થાન માટે આપ જ યોગ્ય છો તેમ મેં આપને વિનંતિ કરી! ઘણી આનાકાની વચ્ચે મારી વાતનો આપે સ્વીકાર કર્યો. આપે જીવનની છેલ્લી ઘડી સુધી માસિકનું અને સભાના અન્ય કામોમાં પૂરેપૂરી કાળજી અને ખંતથી કામ કર્યું અને સભાના વિકાસમાં સારો ફાળો આપ્યો.

આપણે છેલ્લે તમારા પરલોકગમન પહેલા બાર દિવસ અગાઉ મારે ઘરે મળ્યા હતા. તે વખતે જાણે કે આ આપણી મુલાકાત છેલ્લી જ હોય તેમ લગભગ ત્રણ કલાક જૈન સમાજ, જૈન સાહિત્ય અને જૈન સંસ્થાઓની દિલ ખોલીને ખૂબ વાતો થઈ. એ બધી વાતોને અંતે મૃત્યુ સંબંધમાં તર્કબદ્ધ વાતો ચાલી. તે વખતે આપના દિલમાં મૃત્યુને નજીકમાં જ ભેટવાનું હોય નહીં તેવા ઉદ્‌ગારો તમારા મુખમાંથી નીકળતા હતા. આ વખતે મેં હસતા હસતા તમને કહ્યું કે મારી ઉમર જોતાં હું મૃત્યુના કિનારા ઉપર બેઠો હોઉં તેમ લાગે છે. અને કદાચ થોડા સમયમાં જ મારા મૃત્યુની નોંધ તમારા હાથે જ લખવાની સર્જાયેલ હશે. કહોજી શું લખશો? તેના જવાબમાં તમે બોલ્યા કે ગુલાબચંદભાઈ કુદરતની કળાને સમજવી મુશ્કેલ છે કાળની કોઇને ખબર નથી. 'કોણ કોની નોંધ લખશે તે કોને ખબર છે' છેલ્લા નીકળેલ ઉદ્‌ગારો ખરેખર સાચા પડ્યા.

મનસુખભાઈના મૃત્યુની શ્રદ્ધાંજલિ આત્માનંદ પ્રકાશના ડીસેમ્બરના અંકમા 'એ સૌજન્યશીલ મનસુખલાલભાઈ' એ હેડીંગ નીચે મારે લખવી પડી એ લખતા દિલ વલોવાઈ ગયું હતું અને તેમણે ઉચ્ચારેલ શબ્દો નું સ્મરણ તાજું થતું ગયું હતું.

વિધિનું વિધાન તો જુઓ! મનસુખભાઈ ગયા અને અંતે માસિકના તંત્રી મારે થવું તેમ કમિટિએ નક્કી કર્યું અને મને સ્વીકારવા અતિ આગ્રહથી માનપૂર્વક કહ્યું. આગ્રહને વશ થઈ મારે તે સ્વીકારવું પડયું.

પ્રિય મનસુખલાલભાઈ! લખ્યા વિના નથી રહી શકાતું કે તમારી ખોટ પુરાય તેમ નથી. હું તો ન છુટકે તંત્રી થઇ બેઠો! તમારો સથવારો આજે નથી; મને એકલતા સાલે છે.

તંત્રી થયા પછી પહેલો જ અંક સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા શ્રદ્ધાંજલિ અંક તરીકે મારા હસ્તક જ પ્રગટ થયો! કેવી ભવિતવ્યતા.

તંત્રી થયા પછી મારા હાથે જ તમારો જ સ્મારક અંક બહાર પાડતાં મારા દિલમાં શું શું થયું હશે તેનું વર્ણન કરી શકું તેમ નથી. બધા સગા સ્નેહી અને તમારા પરિચયવાળાના લેખો વાંચતાં તમારા વિવિધ પાસાઓની વધારે વધારે ઓળખાણ થઇ, બહુ માન ઉપજ્યું. તમારી ડાયરીમાં લખેલ વાકયો તો જીવનમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈપણને ઉતારવા જેવા માર્ગદર્શક છે. હવે તો આપણો પ્રત્યક્ષ મેળાપ થવાનો નથી પણ ગુણ અને જીવનની સુવાસથી માણસ પરોક્ષ રીતે પણ મળે છે. પુષ્પ કરમાય છે પણ સુવાસ મુકતું જાય છે. તમે જ્યાં હો ત્યાંથી તમારા અધુરા રહેલા કામ કરવાનું મને બળ મળે એવી શુભેચ્છા તમારા તરફથી મળતી રહો આટલું પ્રભુ પાસે પ્રાર્થું છું.

આજે ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણક ખાસ અંક પ્રકટ કરતી વખતે તમારી યાદ આવે છે. તેમ દરેક સંસ્મરણોમાં તમે હશો જ.

## જગત વાત્સલ્ય પ્રભુ મહાવીર

આ અવનિમાં આપના પુનિત પગલા થયા! વર્ષો, સૈકાઓ, અને યુગ બદલાયો છતાં પ્રભુ તારી ઘોષણા હજુ સૌ કોઈના કાનમાં ગુંજી રહી છે.

તું અહીંસા, સત્ય, સંયમ તપનો કોઈ મહાન સિતારો થઈ ગયો. આખી આલમના દિલમાં તારી ઝગમગતી જ્યોત જળકી રહી છે. તારા પછી અનેક મહાત્માઓ થયા તે સૌ પુષ્પ, પાંખડી અને તેની કળી રૂપે છે જ, પણ તે બધા ફૂલોનો તું ગજરો છે. તારી તુલના ન થાય, તને કોઈની સાથે ન સરખાવાય, તું તો અજોડ, વિરલ વ્યક્તિ છે. તારા વાત્સલ્યનો વહેતો પ્રવાહ ઝેરીમાં ઝેરી ચંડકૌશીક સુધી પહોંચ્યો. તારા પ્રેમ વારીમાં જે ન્હાયા-સન્મુખ થયા તેના ઝેર ઉતર્યા અને તેમાંના કોઈ ચંડકોશી રહ્યા નહિ. બધા અમૃતની સંજીવની લઈને સજીવન થયા અને તારે અમર માર્ગે ચાલી અમર થઈ ગયા. તારી ગુણગાથા હુ મારા નાના મોઢે શું ગાઉ! તારૂં માપ કાઢવાનું મારૂં શું ગજુ! વંદન હો તને કોટીકોટી. પ્રભુ!

—કમલિની

## સમાચાર સંચય

### પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી (આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજ સાહેબનો ૧૪૧મો જન્મદિન આ સભા તરફથી સં. ૨૦૩૩ ચૈત્ર સુદી ૧ રવીવાર તા. ૨૦-૩-૭૭ના રોજ રાધનપુર નિવાસી સ્વ. શેઠશ્રી સકરચંદ મોતીલાલભાઈના સહકારથી આ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી શત્રુંજય ગિરીરાજ ઉપર આદિશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગ રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભા તરફથી સભાસદોનું બપોરના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું અને સાધુ-સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારો લાભ લીધો હતો.

**પાલીતાણા**—શ્રી કદંબગીરી ટ્રસ્ટના માજી ટ્રસ્ટી અને જુના વકીલ શ્રી વીરચંદ ગોવરધન સલોતના સુપુત્ર પ્રતાપરાયની સુપુત્રી કુ. શકુંતલાએ અમદાવાદ ખાતે શાસન-સમ્રાટ પૂ. નેમિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના ૧૩ આચાર્યની શુભ નિશ્રામાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી તે પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ અંગે પાલીતાણાના અનેક સદ્‌ગૃહસ્થોએ પણ હાજરી આપેલ. કુ. શકુંતલાએ પાલીતાણા બુદ્ધિસિંહજી જૈન પાઠશાળામાં ૧૨ વર્ષ સુધી તત્ત્વાર્થ સહિત અનેક સૂત્રોનો ઊંડો અભ્યાસ કરેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એ ઐતિહાસિક મુંબઇથી નીકળેલ પદયાત્રા જૈન સંઘ

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ, આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય મુનિમહારાજ શ્રી યશોવિજયજી મહારાજના નેતૃત્વ નીચે મુંબઇથી નીકળેલ આ સંઘની દરેક ગામમાં અનુમોદના થઈ રહી હતી. અને સારો સત્કાર મેળવ્યો હતો. દરેક સ્થળે પૂજ્ય આચાર્ય ભગવંતો તથા શ્રી યશોવિજયજી મહારાજની પ્રેરણા મુજબ જૈન કે જૈનેતરનો ભેદભાવ રાખ્યા સિવાય સંઘપતિઓએ પોતાના દ્રવ્યોનો સારો સદ્ઉપયોગ કરેલો છે.

જૈન શાસનનો વિજય ડંકો વગાડતો મુંબઈથી તા. ૨૨-૧-૭૭ના રોજ નીકળેલ શ્રી શત્રુંજય મહાતીર્થ પદયાત્રા જૈન સંઘનો ૬૪ દિવસે ભાવનગરના આંગણે બડી ધામધુમથી પ્રવેશ થયો ત્યારે અનેરા ઉત્સાહભર્યા દશ્યો સર્જાયા હતા.

ખાસ કરીને શત્રુંજયતીર્થ જતા સંઘો ભાવનગર થઈને જતા નથી. કારણ કે તે એક તરફ રહી જાય છે. પરંતુ મુંબઈમાં વસેલા અને ભાવનગરને જેમણે વતન બનાવ્યું તે ધર્મશ્રદ્ધાળુ પ્રાણુલાલભાઇ કે. દોશી અને ભાવનગર જૈન સંઘના અગ્રેસરોએ પીપળા મુકામે જઇ ભાવનગરનો પ્રોગ્રામ રાખવા પૂજ્ય આચાર્ય ભગવંતોને વિનતિ કરી. તે વિનંતિનો સ્વીકાર થયો અને પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજ, પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી જયાનંદવિજયજી મહારાજની નિશ્રામાં ભાવનગર તા. ૨૬-૩-૭૭ના સંઘના પ્રવેશની જય બોલાવવામાં આવી હતી.

તા. ૨૬મીએ વહેલી સવારથી ભાવનગર જૈન સંઘના ભાઇઓ તથા જૈનેતર ભાઇઓની મોટી સંખ્યા સ્વાગત માટે ટાઊન હોલમાં જમા થઈ ગઈ. સ્વાગત ક્રિયા પુરી થઈ કે સંઘના સામૈયાની ભારે દબાદબા વચ્ચે શરૂઆત થઇ. મોખરે અંબાડી સાથે શણગારેલ ગજરાજ (હાથી) ઉપર પ્રાણુલાલભાઈનાં પુત્રવધૂઓ ભારતીબેન તથા જયશ્રીબેન વરસીદાન દેતા હતા. તે બધાનું ધ્યાન ખેંચી રહ્યા હતા. અનેક પ્રકારે આનંદમય વિવિધ દશ્યોવાળા સાજન-માજનનો મોટા લંબાણવાળો વરઘોડો હતો. સંઘપતિઓને અનેક સ્થળે રસ્તામાં ફુલહાર થયા હતા. શરૂઆતમાં શેઠ ત્રીભોવનદાસ ભાણુજી જૈન કન્યાશાળાની બહેનોએ જયાબેનના નેતૃત્વ નીચે ભારે આકર્ષક રીતે સત્કાર કર્યો હતો.

પૂજ્ય આચાર્ય મહારાજો, પૂજ્ય મુનિમંડળ, પૂજ્ય સાધ્વીજી મહારાજો, વિશાળ જનસમુદાય, ભાઈઓ તથા બ્હેનોનો ચતુર્વિધ સંઘ સામૈયામાં સામેલ હતો ઠેક ઠેકાણે રાજમાર્ગ ઉપર કમાનો અને ધજા પતાકા સુંદર દીસતા હતા અને બધા સ્વાગત કરતા હતા. સામૈયું શ્રી જૈન આત્માનંદ સભા પાસે આવતાં તેણે શણગારેલ કળાત્મક કમાનો ગોઠવેલ ત્યાં દરેક મુંબઈના સંઘપતિઓનું તથા આ સંઘ સાથે લગભગ ૩૦૦ ભાવનગરના જૈન યાત્રિકનો સંઘ લઈ જવાનો પ્રાણુલાલભાઇએ આદેશ લીધો હતો તેમનું આત્માનંદ સભાના હોદ્દેદારો અને કાર્યવાહકો શાહ ગુલાબચંદ લલુભાઈ, હિરાલાલ ભાણુજી શાહ, હિરાલાલ જુઠાભાઈ શાહ, સલોત અમૃતલાલ રતિલાલ ( ભગતભાઇ ), શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા. કાન્તિલાલ જગજીવન દોશી, શેઠ ખીમચંદ ફુલચંદ, ભુપતભાઈ નાથાલાલ શાહ વિગેરે મેનેજીંગ કમિટિના સભ્યોએ ફુલહારથી સન્માન કર્યું હતું. સામૈયાનો વરઘોડો શહેરના મોટા વિસ્તારમાં અઢી કલાક ફરી દાદાસાહેબ પહોંચ્યો હતો. ત્યાં વિશાળ મેદની વચ્ચે પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય ધર્મસૂરિજી મહારાજ, પૂ. શ્રી યશોવિજયજી મહારાજ તથા પૂ. શ્રી જયાનંદવિજયજી મહારાજે પ્રાસગિક વ્યાખ્યાન દ્વારા સંઘની, અનુકંપાદાનની મહત્તા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનમાં ધર્મનું સ્થાન એ વિષે મનનીય પ્રવચન આપેલ અને ભાવનગર જૈન સંઘને દેશભરના સંઘોમાં એકતાનું પ્રતિક કહીને બીરદાવી હર્ષ વ્યક્ત કરેલ હતો. આ પ્રસંગે ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા જે કામ કરી રહી છે તેની પણ તેઓ સાહેબે પ્રશંસા કરી હતી.

સંઘના પ્રમુખ શ્રી બકુભાઈએ સકળ સંઘ વતી કામળી વહોરાવી અનુમોદના કરી હતી. સ્વાગત પ્રવચન મંત્રી શ્રી જયંતિલાલ મગનલાલ શાહે કરેલ અને સમારંભનું સંચાલન જાણીતા સેવાભાવિ શ્રી મનુભાઈ શેઠે કરેલ હતું.

બપોરે શ્રી જૈન આત્માનંદ સભાના આગેવાનો, પૂ. આચાર્ય શ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજ, પૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજને વંદન કરવા દાદાસાહેબ ગયા હતા. વંદન કરી સંઘની વ્યવસ્થા જોઈ. આ બધુ નિહાળી ભારે હર્ષોલ્લાસ થયો. તેમના કાર્યવાહકોની જેટલી પ્રશંસા કરાય તેટલી ઓછી છે. પૂજ્ય આચાર્ય મહારાજો તથા શ્રી યશોવિજયજી મહારાજની ઉત્કટ ધાર્મિક ભાવના અને કાર્યદક્ષતાનું ઉમદા દર્શન થયું. સંઘમાં જોડાયેલા ભાઈ બહેનોની ચાલુ તપશ્ચર્યા અને ધર્મભાવના અનુમોદનીય છે. ધન્ય આ બધા મહાનુભાવોને!

સાંજે સંઘજમણ વખતે સકળ સંઘ વતી શ્રી પ્રાણલાલભાઈ દોશી તથા અ. સૌ. કંચનબેનનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શ્રી જૈન આત્માનંદ સભા વતી પણ બંનેનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વામિવાત્સલ્યની જવાબદારી ઉપાડતા હિંમતભાઈ શાહ, નિતિનભાઈ શાહનું પણ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાત્રે ૮-૩૦ કલાકે દાદાસાહેબના વિશાળ પટાંગણમાં સકળ સંઘ વતી યોજેલ સંઘપતિઓનું બહુમાન કરવાનો ભવ્ય સમારંભ યોજેલ હતો. જેમાં વિશાળ માનવમેદની હતી.

સંઘના પ્રમુખ શ્રી બકુભાઈ શેઠ તથા સંઘના મંત્રી શ્રી જયંતિભાઈ શાહે પ્રાસંગિક પ્રવચનો દ્વારા જૈન સંઘની વિશિષ્ટતા અને ઉદાર ભાવનાથી થતાં ધાર્મિક તેમજ સામાજિક કાર્યોની વિગતો રજુ કરી સંઘની પ્રવૃત્તિ પર પ્રકાશ પાડેલ હતો.

દરેક સંઘપતિઓનું સન્માન સાલ તથા શ્રીફળ પુષ્પહારથી શ્રી બકુભાઈ શેઠે કરેલ. સંઘવણોનું સન્માન શ્રીમતિ મધુબ્હેન શાહ દ્વારા થયેલ અને આ પદયાત્રા સંઘનું સફળ સંચાલન કરનાર સેવાભાવી કાર્યકરો શ્રી ચંદુભાઈ શાહ, શ્રી અનોપચંદભાઈ શાહ, શ્રી ભુપતભાઈ શાહ, શ્રી જયંતિભાઈ ઝવેરી તથા શ્રી કાંતિલાલ પટ્ટણીનું પુષ્પહાર તથા શ્રીફળથી સન્માન કરવામાં આવેલ.

ભાવનગરથી જોડાતા સંઘના પ્રણેતા શ્રી પ્રાણલાલભાઈ દોશી તથા અ.સૌ. કંચનબ્હેનનું સન્માન પણ સંઘપતિઓ સાથે ખાસ કરવામાં આવેલ અને શ્રી પ્રાણલાલ દોશીની ધર્મભાવના ઉદારવૃત્તિ તથા સૌજન્યતાને બીરદાવેલ. આ વખતે વિખ્યાત સંગીતકાર શ્રી શાંતિલાલ શાહની સંગીતભાવના યોજાયેલ હતી. તા. ૨૭-૩-૭૭ વહેલી સવારે સંઘને વિદાય આપવા મોટા દહેરાસરે વિશાળ માનવમેદની હાજર રહેલ અને શ્રી પ્રાણલાલભાઈ વગેરેનુ સકળ સંઘ વતી અગ્રેસરોએ સન્માન કરી ભાવનગરના ૩૦૦ યાત્રિકોનો સંઘ પૂ આ. ભગવંતોની હાજરીમાં બેન્ડ સાથે ભવ્ય રીતે વિદાય થયો અને વડવા જૈન દેરાસરે દર્શન કરવા ગયો. ત્યાં વડવાના ભાઈ-બહેનોએ ભારે ઉત્સાહથી બેન્ડ વાજા સાથે સત્કાર કર્યો અને સઘપતિ પ્રાણલાલભાઈ દોશીનું વડવાના આગેવાન શેઠશ્રી ખીમચંદભાઈ ફુલચંદભાઈએ ફુલહાર શ્રીફળ વગેરેથી સન્માન કર્યું અને ઉત્સાહ વચ્ચે વડવાથી જય જયકારના ધ્વની સાથે સંઘ વરતેજ તરફ વિદાય થયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

૧. અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા–આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ છઠ્ઠી આવૃત્તિ : કિંમત રૂ. ૮ ]

૨ જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ત્રીજી આવૃત્તિ : કિંમત રૂ ૪ ]

૩. આનંદઘનજીના પદો : ( ભાગ બીજો )
વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક–શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
[ કિંમત રૂ. ૧૦ ]

૪. આનંદઘન ચોવીશી : વિવેચક–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક–શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
[ કિંમત રૂ. ૮ ]

૫. શ્રી શાંતસુધારસ : રચયિતા–મહોપાધ્યાય વિનયવિજયજી
વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ચોથી આવૃત્તિ : કિંમત રૂ. ૧૫ ]

## જૈન આગમ-ગ્રંથમાળા

૧. ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दारसुत्त [ પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત રૂ. ૪૦ ]
૨. ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા ૫૦૨ : કિંમત રૂ. ૩૦ ]
૩. ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग २ [ પૃષ્ઠ સંખ્યા ૬૩૨ : કિંમત રૂ. ૪૦ ]
૪. ग्रन्थांक ४ : वियाहपण्णत्तिसुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા ૫૪૪ : કિંમત રૂ. ૪૦ ]
૫. ग्रन्थांक २ : आयारंगसुत्त [ પૃષ્ઠ સંખ્યા ૫૧૨ : કિંમત રૂ. ૪૦ ]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

૧. કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ. ૧૫-૦૦
૨. યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ. ૧-૨૫
૩. અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કિંમત રૂ. ૦-૨૫
૪. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ કિંમત રૂ. ૧૭ ૫૦
૫. The Systems of Indian Philosophy
Late Shri V. R. Gandhi કિંમત રૂ. ૫-૦૦
૬. સુવર્ણ મહોત્સવ ગ્રંથ : ( ભાગ ૧-૨ ) કિંમત રૂ. ૫૦-૦૦
સભ્યો અને સંસ્થાઓ માટે કિંમત રૂ. ૨૫-૦૦
૭ New Documents of Jain Painting :
Dr. Moti Chandra & Dr. U. P. Shah કિંમત રૂ. ૧૨૫ ૦૦

: પ્રાપ્તિસ્થાન :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અણુમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન
**મુનિરાજશ્રી જંબુવિજયજીના**
વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ દ્વિતીય ભાગ'

**બહાર પડી ચુક્યો છે, વેચાણ શરૂ થઈ ગયેલ છે.**

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબજ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મુકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

**ડૉ. આદિનાથ ને. ઉપાધ્યે** જણાવે છે કે—મુનિશ્રી જંબુવિજયજીની આ આવૃત્તિની પોતાની અનેક વિશેષતાઓ છે. શ્રી જંબુવિજયજીએ મૂળ ગ્રંથનો વિગતપૂર્ણ અભ્યાસ કરેલ છે. તેમણે લખેલી ટિપ્પણીઓ મહત્વપૂર્ણ અને વિદ્વત્તા ભરેલી છે. સંશોધનની દૃષ્ટિથી મૂલ્યવાન છે. ન્યાયગ્રંથની એક આદર્શ રીતે સંપાદિત આવૃત્તિ માટે હું મુનિશ્રી જંબુવિજયજીને મારા આદરપૂર્ણ અભિનંદનોથી નવાજું છું.

(કીંમત રૂા ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર**



તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય : દાણાપીઠ—ભાવનગર


For Private And Personal Use Only